PNR સો., બે.મું. શાળા અને ફોરમની સંસ્થાઓ
કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

## સ્વ. સરોજબેન ચિતલિયાની ચિર વિદાય



પેજ નંબર ચાર ઉપર

# દિવ્યાંગો માટેની સેવા ભૂમિ એટલે PNR સોસાયટીનું નટરાજ કેમ્પસ

પેજ નંબર પાંચ ઉપર



Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2025-27 | Monthly Date Of Publication : 15 April 2025 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 24

# K.L. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર


શ્રવણયંત્ર વિતરણ કાર્યક્રમ...


PGVCL દ્વારા સ્માર્ટ બોર્ડ અર્પણ...


વિજ્ઞાનનગરીની મુલાકાતે...


હરિદર્શન ડાયમંડ એક્ષ્પોર્ટની મુલાકાત...



ધો. ૧૦ અને ૧૨ વિદાય-શુભેચ્છા કાર્યક્રમ...



ધો. ૧૦ અને ૧૨ વિદાય-શુભેચ્છા કાર્યક્રમ...



'ચોટીલા ઉત્સવ'માં શાળાની વિદ્યાર્થીનીઓ...

# કોશિશ થી કામયાબી

આ અંકમાં...


| | | |
|---|---|---|
| 01. | બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર | 02 |
| 02. | Index | 03 |
| 03. | સ્વ. સરોજબેન કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાને શ્રદ્ધાંજલી | 04 |
| 04. | દિવ્યાંગો માટેની સેવા ભૂમિ એટલે PNR સોસાયટીનું નટરાજ કેમ્પસ | 05 |
| 05. | નટરાજ સી.પી. સ્કૂલ | 06 |
| 07. | કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ | 08 |
| 08. | દિશા કમ વિકાસ પ્રોજેક્ટ | 09 |
| 09. | PNR હોસ્પિટલ | 10 |
| 10. | પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર | 10 |
| 11. | અંબા સી.પી. હોસ્ટેલ | 11 |
| 12. | શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા પ્રાથમિક વિભાગ | 12 |
| 13. | શાહ ખી.લ. બહેરાં-મૂંગા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા | 13 |
| 14. | પી.આર.વી. વર્કશોપ | 15 |
| 15. | શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય | 16 |
| 16. | શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય | 16 |
| 17. | શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ | 17 |
| 18. | શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ | 19 |
| 19. | ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળા | 20 |
| 20. | લાઈબ્રેરી યુવક સંમેલન, મુંબઈ | 21 |
| 21. | દાતાઓની યાદી | 21 |
| 22. | PNR તસ્વીર સમાચાર | 23 |


# દિવ્યાંગો માટે અન્નદાન યોજનાઓ...

PNR સોસાયટી, ભાવનગર અને તેની સંલગ્નિત સંસ્થાઓ અનેક પ્રકારના દિવ્યાંગો માટે શિક્ષણ, તાલીમ, સારવાર અને પુનઃવસનના કાર્યો કરી, તેઓના કુટુંબીજનોની પણ સમસ્યા નિવારવાના કાર્યો વર્ષોથી કરી રહી છે. તેમાં પણ ‘અન્નદાન યોજના’ જે આપણી કેટલીક સંસ્થાઓમાં વર્ષોથી ચાલતી અને છેલ્લાં એકાદ વર્ષથી શ્રી બાબાભાઈના પ્રત્યનોથી PNRમાં શરૂ થયેલી આ ‘અન્નદાન યોજના’ દિવ્યાંગ વિદ્યાર્થીઓના વાલીઓ કે જેઓ આર્થિક રીતે ખૂબજ નબળાં છે, તેઓને આ વિષમ મોંઘવારીમાં ખૂબજ રાહતરૂપ બને છે.

PNR સોસાયટીમાં ઉદારદિલ દાતા શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટની મુખ્ય સહાયથી, **‘શ્રી ગોકુળભાઈ શાહ અન્નદાન યોજના’** નામથી શરૂ થયેલ આ યોજનાનો પાંચમો રાઉન્ડ હાલ પૂરો થયેલ છે. જેમાં ભાવનગર, તળાજા, મહુવા, શિહોર, પાલિતાણા વિગેરેના ૧૦૦ જેટલા દિવ્યાંગ વિદ્યાર્થીઓના પરિવારોને જીવન જરૂરિયાતોની કીટ ઘરે બેઠાં પહોંચાડવામાં આવી છે.

આપણી શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં વર્ષોથી ‘શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ’ માંથી વર્ષમાં ત્રણથી ચાર વખત ૧૫૦ જેટલા બહેરાં-મૂંગા બાળકોના પરિવારોને તથા શ્રી કે.કે. બ્લાઈન્ડ સ્કૂલમાં તો દર મહિને ૫૦ ઉપરાંત નેત્રહીનોને ‘અનાજ કીટ’ આપવામાં આવે છે.

મિત્રો, આ મોંઘવારીના સમયમાં આર્થિક સંકડામણ અનુભવતા દિવ્યાંગ પરિવારોને ‘અનાજ કીટ’ આપીને, આપણી સંસ્થાઓ તેમની સામાજિક જવાબદારી પણ દાતાઓના સહકારથી પૂરી કરી રહી છે. જે આપણા સૌ માટે સંતોષ અને ગૌરવની બાબત છે.

- કિરીટ રાઠોડ

**‘Life is too short to be miserable.’**

**- Rita Mae Brown**


**Koshish Thi Kamyabi**
RNI No.GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/BVR-414/2025-27, Monthly

- **અંક નં.148/515**
15 એપ્રિલ, 2025
- **પ્રકાશક : શ્રી ખી.લ. બહેરાઓની સંસ્થા**
51, વિદ્યાનગર, ભાવનગર - 364 002.
ફોન : (0278) 2429326, 2420836
મો. 9499661694 / 9499557977
**E-mail : info@pnrsocity.org**
**klinstitute.deaf@gmail.com**
**Visit us : www.pnrsocity.org**
**www.klinstitutedeaf.org**

- તંત્રી
**અનંત કે. શાહ**
- સહ તંત્રી
**અશ્વિન પંડ્યા**
**કિરીટ રાઠોડ**
- પ્રિન્ટીંગ
**ધર્મેશ પ્રિન્ટોરીયમ, અમદાવાદ**
- ‘કોશિશ થી કામિયાબી’ લવાજમ
**આજીવન રૂ.2500, વાર્ષિક રૂ.150**
- ચેક “શ્રી ખી.લ. બહેરા મૂંગા શાળા, ભાવનગર”ના નામનો આપવા વિનંતી

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈનિંગ
**સાગર ચલાળિયા, ભાવનગર**
- સંપાદક મંડળ
**ફાલ્ગુની ખાટસુરિયા**
**ગજાનંદ ભટ્ટ**
**જ્યોતિ ભટ્ટી**
**આરિફ જેઠવા**
**પારસ શાહ**
**ભરત કનાડા**
**રાજેશભાઈ હકાણી**



- જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - **A-4**)

| | |
|---|---|
| બીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | રૂા.10,000 |
| ત્રીજું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | રૂા.10,000 |
| ચોથું ટાઈટલ પેજ-મલ્ટિ કલર | રૂા.10,000 |
| ફુલ પેજ - સિંગલ કલર | રૂા.5,000 |
| હાફ પેજ - સિંગલ કલર | રૂા.2,500 |
| ક્વાર્ટર પેજ - સિંગલ કલર | રૂા.1,500 |

# સ્વ. સરોજબેન કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાને

## ભાવનગરની PNR અને સંલગ્નિત સંસ્થાઓએ પ્રાર્થના સભા યોજી, શ્રધ્ધાંજલી આપી.



**સ્વ. સરોજબેન ચિત્તલિયા**

છેલ્લાં ૬૫ વર્ષોથી આપણી સંસ્થા સાથે સક્રિય જોડાયેલા અને અત્યારે આપણી PNR સંસ્થાના પ્રમુખ શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાના ધર્મપત્નિ શ્રીમતી સરોજબેન ટૂંકી માંદગી બાદ વૈંકુઠવાસ પામ્યાં છે. સ્વ. સરોજબેન ધર્મ પ્રેમી, દયાળુ, ઉદાર અને ઉમદા સ્વભાવના આદર્શ ગૃહિણી હતા. સ્વ. સરોજબેનને શ્રધ્ધાંજલી આપવા આપણી ભાવનગરની વિવિધ સંસ્થાઓએ પ્રાર્થના સભાનું આયોજન કર્યું હતું.

### PNR સોસાયટી, ભાવનગર




PNR સોસાયટી, ભાવનગરના નટરાજ ઓડિટોરિયમ હોલમાં સ્વ. શ્રીમતી સરોજબેન કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાના તા. ૨૫ માર્ચ, ૨૫ ના રોજ થયેલ દેહાવસાન નિમિત્તે સંસ્થાની વિવિધ શાખાઓ નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન.શાહ હાઈટેક સ્કૂલ, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, ઓટિઝમ સ્કુલના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, વિશિષ્ટ શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં એક પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવેલ હતું. આ પ્રાર્થના સભામાં શ્રી જીજ્ઞાબેન સોલંકી (ઈન્ચાર્જ પ્રિન્સિપાલ), શ્રી ભવ્ય મહેતા, શ્રી કુણાલ આહિર, શ્રી માધવીબેન વાળા દ્વારા ગવાયેલ પ્રભુ પ્રાર્થના અને ભજન વિગેરે બાદ સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈએ દિવંગતની સંવેદનશીલ, પરોપ-કારીવૃત્તિ અને ઉદાર સ્વભાવના સંસ્મરણો રજૂ કર્યાં હતાં. સામુહિક ભજન, ધૂનના પવિત્ર વાતાવરણમાં દિવંગતના આત્મશ્રેયાર્થની ભાવના વ્યકત કરાય હતી. માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે શોક ઠરાવનું વાચન કર્યું હતું. અંતમાં સદગતના આત્માના શ્રેયાર્થે બે મિનિટ મૌન શ્રધ્ધાંજલી અપાય હતી.

### PNR હોસ્પિટલ, ભાવનગર




શ્રીમતી સરોજબેન ચિત્તલિયાના (ધર્મપત્નિ) દેહાવસાન થતા, તા. ૨૯-૩-૨૫ ના રોજ પી.એન.આર. હોસ્પિટલ ચેરમેનશ્રીની ચેમ્બરમાં પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. સરોજબહેન શાલીનતા, સરલ સ્વભાવ ધરાવતા, ધર્મ પ્રેમી હતા. તેમણે વસ્ત્રબદલ્યું છે, એવા સુધાત્મા નિર્મળરૂપ ઉર્ધ્વગતિ પ્રાપ્ત પામે તેવી સામૂહિક પ્રાર્થના કરી, બે મિનીટ મૌન પાળી, શ્રદ્ધાંજલી-પ્રેમાંજલી હોસ્પિટલમાં ઉપસ્થિત સૌ કોઈએ આપી હતી.

### શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા, ભાવનગર



શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા સંસ્થા પરિવાર દ્વારા તા. ૨૯-૩-૩-૨૫ ના રોજ સવારે મહાવીર ઓડિટોરિયમ ખાતે, સદગત શ્રીમતી સરોજબેન કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયાના આત્મ શ્રેયાર્થે પ્રાર્થના સભાનું આયોજન શાળાના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને ટ્રસ્ટીગણની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. સંસ્થાવતી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા દ્વારા શોક સંવેદના વ્યકત કરવામાં આવી હતી. સૌએ પોતાના સ્થાને ઉભા થઈ બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી પાઠવી હતી.

### 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા



'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા પરિવાર દ્વારા તા. ૨૯-૩-૨૫ ના રોજ શ્રીમતી સરોજબેન કૃષ્ણકાંભાઈ ચિત્તલિયાના આત્મશ્રેયાર્થે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના મ્યુઝિક થેરાપીસ્ટ ડો. ભાવનાબેન અંધારિયા દ્વારા ભજનો રજૂ કરવામાં આવ્યાં હતાં. તેમજ સૌએ બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપી હતી.

# દિવ્યાંગો માટેની સેવા ભૂમિ એટલે PNR સોસાયટીનું નટરાજ કેમ્પસ

ભાવનગરની પીએનઆર સોસાયટી દ્વારા છેલ્લા ૭૦ વર્ષથી થતી દિવ્યાંગો માટેની પ્રવૃત્તિથી કોઈ અજાણ નથી. આ પ્રવૃત્તિની નોંધ દેશ-વિદેશના અખબારો સામયિકો અને ઈલેક્ટ્રોનિક મીડિયાએ લીધી છે. ભારત સરકારની રિહેબિલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાએ આ સંસ્થાને વિકલાંગતાઓ માટે કામ કરતી દેશની સૌથી મોટી સંસ્થા તરીકે બિરદાવી છે, જે ભાવનગરનું ગૌરવ છે.

પીએનઆર સોસાયટીના છત્ર નીચે, ટ્રસ્ટીઓના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ ૫૦૦થી વધુ સેવાભાવી કાર્યકરો, પાંચ સંસ્થા, ચાર ગ્રામ્ય કેન્દ્રો અને ૩૦થી વધુ વિવિધ પ્રોજેક્ટમાં દિવ્યાંગો માટે કામ કરી રહ્યાં છે. આ પૈકી કાળીયાબીડ - ભાવનગર ખાતે આવેલું સંસ્થાની નટરાજ સી.પી સ્કૂલ, મગજના લકવા ગ્રસ્ત બાળકોની વિશિષ્ટ શાળા છે.

લીલીછમ હરિયાળીથી સુશોભિત આ સંકુલમાં નટરાજ સી.પી. સ્કૂલ, કે. એન. શાહ ઓટિઝમ પ્રોજેક્ટ, દિવ્યાંગો માટે હાઈડ્રોથેરાપી અને મેટ્રિક્સ થેરાપીનું સારવાર કેન્દ્ર તો કાર્યરત છે જ, સાથે આરસીઆઈ-ન્યુ દિલ્હીની માન્યતા પ્રાપ્ત મલ્ટીપલ ડિસેબિલિટીનો કોર્સ ચલાવવામાં આવે છે, જેમાં દિવ્યાંગો માટે વિશેષ શિક્ષકો તૈયાર કરવામાં આવી રહ્યાં છે.

શ્રેષ્ઠ સુવિધા અને પ્રોત્સાહક વાતાવરણ વચ્ચે અહીં કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ પણ ચાલી રહી છે. બાલમંદિર થી ધોરણ ૧૨ સુધી સામાન્ય અને દિવ્યાંગ બાળકો એક સાથે સમાન વાતાવરણમાં શૈક્ષણિક કાર્ય કરી રહ્યાં છે અને તેનું ઉત્તમ પરિણામ પણ મળી રહ્યું છે. દિવ્યાંગો માટે હોસ્ટેલ, કેન્ટીન, રમતનું મેદાન અહીં ઉપલબ્ધ છે. અહીં ચાલતા દિવ્યાંગોને પગભર કરવા માટે વિવિધ વોકેશનલ એક્ટિવિટી, ટ્રેનિંગ પ્રોગ્રામ, આર્ટ એન્ડ લિટરેચર એક્ટિવિટીને કારણે દિવ્યાંગો અહીં પોતાની મર્યાદાને વળોટીને સમાજમાં એકરૂપ થતા જોઈ શકાય છે.

નટરાજ કેમ્પસમાં એટી & ટી ટેકનોલોજી ઈન્સ્ટિટ્યૂટ કાર્યરત છે જે દિવ્યાંગોને ટેકનોલોજી સાથે જોડી કોમ્પ્યુટર ટ્રેનિંગ આપે છે. આ ઉપરાંત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે દિવ્યાંગોને તૈયાર કરવા પુસ્તકો અને માર્ગદર્શન પણ આ સેન્ટર દ્વારા ઉપલબ્ધ છે. નટરાજ કેમ્પસમાંની હાઈટેક સ્કૂલ જે રીતે સામાન્ય વિદ્યાર્થીઓને આવકારે છે તે જ રીતે અહીં અદ્યતન સાધનો સાથેનું ફિઝિયોથેરાપી સેન્ટર, ઓક્યુપેશનલ થેરપી સેન્ટર તથા સ્પીચ થેરાપી અને ઓડિયોલોજીની સુવિધા સહુ કોઈ માટે ઉપલબ્ધ છે. કહી શકાય કે આ નટરાજ સંકુલ સેવા, શિક્ષણ અને સારવાર માટેનું ત્રિવેણી તીર્થ છે.

વિશ્વ કક્ષાની અધ્યતન સુવિધા અને સાધનો ધરાવતી PNR અને જૂથની સંસ્થાઓને સરકાર, દાતાઓ, ઈમ્પેક્ટ યુ. કે., જેવી સંસ્થાઓનો સહકાર મળી રહ્યો છે. 'આટલું બધું સર્જન થયા પછી હવે શું ખૂટે છે ?' એમ પૂછતા સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી બાબાભાઈએ કહ્યું કે, 'હજી ઘણું બાકી છે, જેમ કે ઓટિઝમ બાળકોની શાળા, મંદબુધ્ધિવાળા માટે હોસ્ટેલ ખૂટે છે. ઈશ્વર ઈચ્છાએ એ સપનુ સિધ્ધ થશે એવી શ્રધ્ધા છે.'

## નટરાજ કેમ્પસની વિશેષતા અને વિશેષ પ્રવૃત્તિ

- ગુજરાતની એકમાત્ર કાર્યરત સી.પી. (મગજના લકવા) ગ્રસ્ત બાળકોની નિવાસી શાળા.
- બાળકો તથા વયસ્કો માટે હોસ્પિટલ, ફિઝિયોથેરાપી સેન્ટર, ઓડિયો-સ્પીચ થેરાપી સેન્ટર.
- દિવ્યાંગોને કોમ્પ્યુટર કોર્સ માટે એ. ટી. એન્ડ ટી. ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યુટ
- કે. એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ
- દિવ્યાંગોને પગભર કરવા માટે વિવિધ વોકેશનલ એક્ટિવિટી



# ‘નટરાજ’ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

## રિસોર્સ સેન્ટરમાં ધૂળેટીની ઉજવણી

પી.એન.આર. સોસાયટી સંચાલિત રિસોર્ચ સેન્ટર તળાજા, મહુવા, પાલિતાણા અને શિહોરમાં ખૂબ જ ધામધૂમથી રંગોના તહેવાર ધૂળેટીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગો પોતાનામાં રહેલી અક્ષમતાને ભૂલી પોતાના બેરંગ જીવનને વિવિધ રંગોથી ભરી પ્રફુલ્લિત થયાં હતાં. વિવિધ શહેરોમાં વિભિન્ન દાતાશ્રીઓના ઉદારવલણે દિલ ખોલીને દાન આપ્યું હતું. જેમાં વિવિધ રંગોના કલર, પિચકારી, ધાણી-દાળિયા, ખજૂર, પતાસાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## તિથિ ભોજન



તા. ૦૮-૦૩-૨૦૨૫ને શનિવારના રોજ નટરાજ સી.પી. સ્કૂલના મદદનીશ શિક્ષકશ્રી તૃપ્તિબહેન મહેતાના માતુશ્રીની પુણ્યતિથિ નિમિત્તે દિવ્યાંગ બાળકોને મન્ચાવ સૂપ, પંજાબી સમોસા, કાજુ બટર મસાલા, વેજ હાંડી, પંચરત્ન હલવો, તવા પરોઠા, દાલતડકાં, જીરા રાઈસ, છાશ, પાપડ, સલાડ તથા ડેઝર્ટમાં વેનીલા બ્રાઉની આઈસ્ક્રીમનો જમણવાર કર્યો હતો. જેમાં નટરાજ સી.પી. સ્કૂલના તમામ પ્રોજેક્ટના દિવ્યાંગ બાળકોએ આનંદપૂર્વક સ્વરૂચિ ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

## વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી...

‘એ વિચારીને ફુલે ગજ-ગજ મારી છાતી,
હું ને મારી ભાષા બંને છીએ ગુજરાતી !’

તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને ધોરણ - ૧ થી ૮ના વર્ગમાં માતૃભાષા પ્રત્યે લાગણી દર્શાવતી વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી જેવી કે પોસ્ટર, સ્લોગન, સુવિચાર, કાવ્ય, નિબંધ લેખન, અક્ષર લેખન વગેરે... શાળાના દિવ્યાંગ બાળકોએ પોતાની ક્ષમતાથી ઉપર ઊઠી માતૃભાષા પ્રત્યે ઉમદા ભાવના વ્યક્ત કરી હતી.

## વાલી મિટીંગ



તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આગામી કાર્યક્રમો, આઈ.ડી. સી.પી. ઓટિઝમ બાળકોના સ્ટેટ ટુર્નામેન્ટની માહિતી અને માર્ગદર્શન, હોમિયોપેથી કેમ્પની માહિતી, વાર્ષિક મુલ્યાંકન સાથે, નિરામયા હેલ્થ પોલીસી નવી તથા રિન્યુઅલની વિસ્તૃત જાણકારી, સ્વાસ્થ્ય સંજીવની યોજનાની માહિતી સાથે માર્ગદર્શન, વગેરે મુદ્દાઓ પર આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ, શ્રી કાર્તિકભાઈ વ્યાસ તથા શ્રી વરૂણભાઈ વ્યાસે માહિતી અને માર્ગદર્શન પૂરું પાડેલ. આ મિટીંગ ઓફલાઈન અને ઓનલાઈન બંને માધ્યમથી આયોજન કરવામાં આવી હતી. જેમાં કુલ ૫૮થી વધુ જાગૃત વાલીશ્રીઓ જોડાયાં હતાં.

## વિજ્ઞાન નગરી પ્રદર્શન મુલાકાત

તા. ૨૬-૦૨-૨૫ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ, દિશા વિકાસ પ્રોજેક્ટ (Autism) ઓટિઝમ સ્કૂલ, TTC. MD કોર્સના તાલીમાર્થીઓ અને AT & T ટેકનોલોજીના તાલીમાર્થીઓ, હાઈ-ટેક ઈન્કલુઝીવ સ્કૂલના વિદ્યાર્થીઓની વિજ્ઞાન અભિરૂચીને વધારવા માટેની આજે વિજ્ઞાન નગરીની મુલાકાત માહિતી સભર રહી હતી. સાથે રહેલ શિક્ષક બહેનો, ભાઈઓ અને વિજ્ઞાનનગરીના કાર્યકરો દ્વારા દરેક જગ્યાએ



માહિતીને સરળ ભાષામાં દિવ્યાંગ બાળકોને સમજાવી હતી.

વિજ્ઞાન નગરીમાં ટ્રસ્ટીશ્રી શ્રીમતિ ચેતનાબેન કોઠારી, ઈસરો અમદાવાદની સાયન્ટિસ્ટ ટીમ સાથે દિવ્યાંગ બાળકોને પ્રશ્નોતરી દરમ્યાન વિવિધ પ્રકારની માહિતીઓ આપવામાં આવી હતી. વિશાળ સ્ક્રિન પર વિડીયોના માધ્યમથી અંતરિક્ષ સાથે સંકળાયેલ બાબતો જોવાની બાળકોને ખૂબ મજા આવી. ઈસરોની ખાસ બસમાં પણ સરસ મોડેલ બનાવીને મુકવામાં આવ્યાં હતાં. એકંદરે વર્ગ ખંડની બહાર વિજ્ઞાનની પ્રાયોગિક માહિતીથી અવગત થવાનો અમૂલ્ય લાભ દિવ્યાંગ બાળકોને મળ્યો હતો તે માટે ચેતનાબેન કોઠારી તથા સમગ્ર ટીમનો સંસ્થાવતી આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીએ આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રદર્શન મુલાકાતમાં ૫૦ વિદ્યાર્થીઓ, ૧૦ તાલીમાર્થી અને ૧૦ સ્ટાફ તથા ૧૦ વાલીઓએ લાભ લીધો હતો.



# સકસેસ સ્ટોરી



**બાળકનું નામ :-** ચાવડા દિક્ષા

**ઉંમર :-** ૫ વર્ષ

**દિવ્યાંગતાનો પ્રકાર :-** સેરેબલ પાલ્સી

**શિક્ષકનું નામ :-** અંજુબેન ડાભી

પી.એન.આર. સોસાયટી સંચાલિત મહુવા રિસોર્ચ સેન્ટરના છેલ્લા ત્રણ મહિનાથી એજ્યુકેશન વિભાગમાં આવે છે. ચાવડા દિક્ષા પી જેની ઉંમર ૫ વર્ષ છે અને જેની દિવ્યાંગતા સેરેબલ પાલ્સી છે, તે મહુવા તાલુકાના રહેવાસી છે.

## સારવાર પહેલાં

આ CP બાળક જ્યારે એજ્યુકેશનમાં આવ્યું, ત્યારે તેને લખવામાં અને વાંચવામાં ખૂબ મુશ્કેલી અનુભવાતી, તેની દિવ્યાંગતાને કારણે તેની શાળામાં અન્ય બાળકો સાથે અભ્યાસ કરવામાં મુશ્કેલી અનુભવતું હતું.

## સારવાર બાદ

જ્યારે આ CP બાળક સેન્ટરના એજ્યુકેશન વિભાગમાં આવવાથી તેની હાથની પકડને મુશ્કેલી સામે, પેન્સિલને નરમ ઈરેજરથી તેનું મોડિફિકેશન કરવામાં આવ્યું, જેથી તેને લખાણની સમસ્યાનું સમાધાન થયું અને ખૂબ જ સુંદર અક્ષરે બીજા નોર્મલ બાળકો સાથે લખાણનું કાર્યનું કૌશલ્ય વિકાસ પામેલ છે. સાથે ગણતરી અને વાંચનમાં પણ સફળતા મેળવેલી છે.


આમ, સેન્ટરમાં જ્યારે આવ્યું અને તેની મુશ્કેલીઓનું સમાધાન વિશેષ્ટ શિક્ષકના માર્ગદર્શનથી ખૂબ સરસ સફળતા મળેલ છે.

# શ્રીબાબાભાઈને જન્મદિવસની શુભેચ્છા...

તા. ૭-૪ના રોજ પીએનઆર સોસાયટી સંચાલિત નટરાજ સી પી સ્કૂલ, દિશા વિકાસ પ્રોજેક્ટ, Autism school, TTC કોલેજ Admin વિભાગ વિગેરે દ્વારા શ્રી બાબાભાઈ શાહ ને ૯૧મા જન્મ દિવસ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સાથે જ આ પ્રોજેક્ટમાં શિક્ષણ અને તાલીમ લઈ રહેલા ૨૬ દિવ્યાંગ બાળકોના પણ જન્મદિવસની ઉજવણી કરીને, શ્રી હર્ષદભાઈ એમ ગાંધી ના સૌજન્યથી જન્મદિવસની ભેટ સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ શાહ, શ્રી પારસભાઈ શાહ શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી રાખશિયા સાહેબ, શ્રી જીજ્ઞાબેન સોલંકી, શ્રી હિતેનભાઈ પંડ્યા, શ્રી ચેતનાબેન કોઠારી અને પ્રજ્ઞાબેન દવેના હસ્તે આપવામાં આવી હતી. શ્રી બાબાભાઈને શ્રી કિરીટભાઈ રાઠોડ તથા રાખશિયા સાહેબે દિવ્યાંગ બાળકો નિર્મિત ચોકલેટ, બુકે, કાર્ડ તથા ફ્લાવર બુકે થી અભિવાદન કર્યું હતું તેમજ શ્રી પારસભાઈ શાહ તથા જીજ્ઞાબેન સોલંકીએ દિવ્યાંગ બાળકો નિર્મિત પરફ્યુમ સોપ વગેરે નું ગિફ્ટ હેમ્પર તથા ચેતનાબેન અને પ્રજ્ઞાબેને પણ ગિફ્ટ અને સ્વ નિર્મિત કાવ્યથી તેમનું અભિવાદન કર્યું હતું. કાર્યક્રમનું આયોજન અને સંકલન જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી બાબાભાઈએ પોતાના જન્મદિવસ નિમિત્તે તમામ દિવ્યાંગ બાળકો, સ્ટાફ અને કર્મચારીઓને આઈસ્ક્રીમ ખવડાવ્યો હતો.

# કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ

ધીરુભાઈ ધંધુકિયા



## દિવ્યાંગ ખેલ મહાકુંભ-૨૦૨૫

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિભાગ ગુજરાત રાજ્ય સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દિવ્યાંગ ખેલ મહાકુંભ-૨૦૨૫ યોજવામાં આવ્યો હતો. જેમાં પી.એન.આર. સોસાયટી સંચાલિત કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના દિવ્યાંગ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તેમજ ભાવનગર જિલ્લાના અલગ - અલગ શાળાના દિવ્યાંગ બાળકો પણ જોડાયા હતા. જેમાં ધો.૭ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી ગોહિલ દર્શન ૪૦૦ મી.દોડમાં દ્વિતીય ક્રમાંક, તેમજ ધો.૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી સોલંકી મહમદઉજૈર ૮૦૦ મી. દોડમાં દ્વિતીય ક્રમાંક મેળવ્યો હતો. આ જિલ્લા રમતોત્સવ સ્પેશિયલ ખેલ મહાકુંભ રમત-ગમતમાં ઉતીર્ણ થવા બદલ શાળા પરિવાર અને સ્કૂલના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાએ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## વિશ્વ માતૃભાષા દિન

પી.એન.આર સોસાયટી સંચાલિત શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (તળાજાવાળા) હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં તારીખ.૨૧-૨-૨૦૨૫ને શુક્રવારના રોજ 'વિશ્વ માતૃભાષા દિન'ની ઉજવણી નિમિત્તે શ્રુતલેખન અને સુલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ધો.૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમજ તેમને માતૃભાષાનું મહત્વ, વિશેષતા અને ઉપયોગિતા વિષે માહિતી આપવામાં આવી હતી. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમની હર્ષભેર ઉજવણી કરવામાં આવી હતી. 'મા, માતૃભાષા અને માતૃભૂમિનો અન્ય કોઇ વિકલ્પ નથી!' વ્યક્તિ કોઈ પણ માધ્યમમાં અભ્યાસ કરે, પરંતુ સપના તો માતૃભાષામાં જ આવે છે. સમાજમાં માતૃભાષાની ગરીમા જળવાઈ રહે, સાથોસાથ વ્યવસાયિક અને શિક્ષણ ક્ષેત્રે પણ માતૃભાષાને મહત્વ આપવામાં આવે, તે બાબતથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ

પી. એન. આર. સોસાયટી સંચાલિત શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (તળાજાવાળા) હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં તા.૨૮-૦૨-૨૦૨૫ને શુક્રવારના રોજ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધોરણ ૫ થી ૧૨નાં દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસનો મૂળ હેતુ યુવાન વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રતિ આકર્ષિત તેમજ પ્રોત્સાહિત કરવા અને સામાન્ય જનતાને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સિદ્ધિઓ પ્રતિ સજાગ રાખવાનો છે. આ કાર્યક્રમમાં શાળાનાં વિજ્ઞાન શિક્ષકશ્રી રાજુભાઇ ઢાપા અને જતનભાઈ દવે એ વિશિષ્ટ વિજ્ઞાનક્ષેત્રની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. આ કાર્યક્રમનું આયોજન શાળાનાં આચાર્યશ્રી હિતેકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રીય સુરક્ષા દિન

પી.એન.આર. સોસાયટી સંચાલિત શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (તળાજાવાળા) હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલમાં ૪-૩-૨૦૨૫ને મંગળવારના રોજ 'રાષ્ટ્રીય સુરક્ષા દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે ૪ માર્ચના દિવસે ભારતમાં રાષ્ટ્રીય સુરક્ષા દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો હેતુ અકસ્માતોને રોકવા માટે લેવાતા સલામતીનાં પગલાં અંગે જાગૃતિ લાવવાનો છે. તે બાબતની માહિતી ધો.૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. ધો.૯ માં અભ્યાસ કરતાં દિવ્યાંગ વિદ્યાર્થી આહિર કૃણાલએ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદની સ્થાપના ૪ માર્ચ ૧૯૭૨ના રોજ કરવામાં આવી હતી. નેશનલ સેફ્ટી કાઉન્સિલનું કામ અકસ્માતોને રોકવા માટે લાગુ કરવામાં આવેલા સલામતીનાં પગલાં વિશે જાગૃતિ ફેલાવવાનું છે તે બાબતે  ખૂબ જ સુંદર વક્તવ્ય આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન




પી.એન.આર સોસાયટી સંચાલિત શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (તળાજાવાળા) હાઇટેક ઇન્કલુઝિવ સ્કૂલમાં તા.૮-૩-૨૦૨૫ ને શનિવારના રોજ ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિન’ની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૫ થી ૧૧ ની વિદ્યાર્થીનીઓ અને શાળાના શિક્ષિકા બહેનોએ ઉત્સાહપૂર્વ ભાગ લીધો હતો. આ દિવસ ઉજવવા પાછળનો હેતુ વિશ્વની અડધી જનસંખ્યા એટલે કે નારી ઉત્કર્ષ માટે લોકજાગૃતિ લાવવાનો છે. સામાજિક ઉત્થાનમાં મહિલાઓની ભૂમિકાની અગત્યતાને ધ્યાનમાં લઇ તેમનામાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ તેઓ કુરિવાજો તથા રુઢિયોમાંથી બહાર આવે તે માટેનું આયોજન કરવામાં આવે છે. આ વિશિષ્ટ કાર્યક્રમમાં કેટલીક વિદ્યાર્થીનીઓએ નારી શક્તિને બિરદાવવા સ્પીચ રજુ કરેલ. તેમજ શાળાના શિક્ષકો અને શ્રી દક્ષાબેન પંડ્યાએ પણ મહિલા દિન નિમિત્તે મહેસાણા જિલ્લાના કડી તાલુકાના એક નાના ગામ લક્ષ્મીપુરા ગામની ૧૯ વર્ષીય પાટીદાર યુવતી ૧૦ માસની તાલીમ પૂર્ણ કરી, આટલી નાની ઉંમરમાં પાયલોટ બની સ્વપ્નને સાકાર કર્યું હતું, તે બાબતની માહિતી આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## ધૂળેટી પર્વની ઉજવણી



પી.એન.આર સોસાયટી સંચાલિત શ્રી કાંતિલાલ નારણદાસ શાહ (તળાજાવાળા) હાઇટેક ઇન્કલુઝિવ સ્કૂલમાં તારીખ.૧૧/૩/૨૫ ને મંગળવારના રોજ ‘ધૂળેટી પર્વ‘ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાલમંદિરના ભૂલકાઓએ રંગબેરંગી કલર દ્વારા હાથના પંજાની છાપ પાડેલ અને તિલક કરી ધૂળેટી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. ફાગણ સુદ પુનમના દિવસે હોળી પર્વની ઉજવણી કરવામાં આવે છે તેના મહત્વ તેમજ તેની સાથે જોડાયેલ હોલિકા અને પ્રહલાદની પૌરાણિક કથા દક્ષાબેન પંડ્યાએ કહી હતી. દરેક બાળકોએ ખૂબ જ આનંદ અને ઉત્સાહથી એકબીજા પર રંગ લગાવી, ધૂળેટી પર્વની મજા માણી હતી. આ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડ્યાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ
# દિવ્યાંગો માટે આશા કિરણ



✍ અમિત મિત્રા

## વોકેશનલ એક્ટિવિટી :

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત ફેબ્રુઆરી માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ એક્ટિવિટીમાં હેંગિંગ, તોરણનું પેકિંગ કરતાં, સાબુનું પેકિંગ કરતાં બાળકોને શીખવવામાં આવ્યું હતું.

## લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :

તા. ૨૦-૨-૨૦૨૫ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત તા. ૨૮-૦૨-૨૦૨૫ના રોજ બી.પી.એલ. કાર્ડ તથા ઓછી આવક ધરાવતા બાળકો માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવા બાબત, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત જે બાળકો નથી આવતા તેમના નામ કમી કરી અને નવા બાળકોના નામ ચડાવવા બાબત, સી.પી. સ્કૂલ અંતર્ગત માર્ચ મહિનામાં એન્યુઅલ ફંકશન કરવા બાબત, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત બાળકોની નિરામયા હેલ્થ પોલીસી રિન્યુ કરવા બાબત.

## માતૃભાષા દિવસની ઉજવણી

દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત તા. ૨૧-૦૨-૨૦૨૫ના રોજ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ માટે સુલેખન સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૩ વર્ષથી ૧૮ વર્ષ સુધી જે વિદ્યાર્થીઓ લખી તથા સમજી શકે છે, તેમણે ભાગ લીધો હતો.

## એસેસમેન્ટ કેમ્પનું આયોજન

દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અંતર્ગત તા. ૨૮-૦૨-૨૦૨૫ના રોજ BPL કાર્ડ ધરાવતા તથા ઓછી આવકવાળા બાળકો માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાંચ નવા બાળકોની તપાસ કરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા આ બાળકોને પ્રોજેક્ટમાં જોડાવવા માટે માહિતી આપવામાં આવી હતી.

# PNR હોસ્પિટલ

**માર્ચ 2025 દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

✍ મહાસુખભાઈ જકડિયા



| વિભાગ | તપાસેલ દર્દીની | પ્રોસિજર | ઓપરેશન સંખ્યા |
|---|---|---|---|
| • ઓર્થોપેડિક | ૨૦૧ | ૫ | ૨ |
| • આંખ | ૧૬૭૫ | ૬૭ | ૫૦૧ |
| • ઈ.એન.ટી. | ૪૨૪ | ૪ | ૨૦૧ |
| • હેર ટ્રાન્સપ્લાન્ટ | ૧૩ | - | ૬ |
| • આર્થોસ્કોપી | ૩૪ | - | ૧ |
| • ડેન્ટલ | ૨૦૯ | ૨૧૬ | - |
| • લેબોરેટરી | ૫૫૮ | - | - |
| • પીડિયાટ્રિક ડેન્ટલ | ૧ | ૧ | - |
| • ચામડી | ૨૬ | - | - |
| • પ્લાસ્ટિક સર્જરી | ૧૫ | ૫ | - |

| વિભાગ | તપાસેલ દર્દીની |
|---|---|
| • જનરલ ઓપીડી | ૭૦૬ |
| • એક્ષ-રે | ૯૬ |
| • આંખના પડદા | ૪૨ |
| • M. D. ફિઝીશ્યન | ૩૫ |

- આ માસ દરમિયાન કુલ ૪૦૩૫ દર્દીઓએ સારવારનો લાભ લીધો હતો.
- આ માસમાં સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ કુલ ૧૧૮ લાભાર્થીઓએ રૂા. ૧૬,૯૭૦/- ની સહાય મેળવેલ છે તથા મહાવીર મેડિકલ સહાય નીચે કુલ ૨૦ લાભાર્થીઓએ રૂા. ૫,૪૬૦/- ની સહાય મેળવેલ છે.

# પાર્કિન્સન્સ ડિસીઝ સપોર્ટ ગ્રુપ

✍ યશ મહેતા



- PNR હોસ્પિટલ ખાતે ચાલતા પાર્કિન્સન સપોર્ટ ગ્રૂપ દ્વારા તારીખ ૨ માર્ચના રોજ રમત-ગમત દિવસ ઉજવવામાં આવ્યો. જેમાં ૨૫થી વધુ સભ્યો એ ભાગ લીધો.
- ખેલ મહાકુંભમાં ભાવનગર સપોર્ટ ગ્રૂપ દ્વારા ૭ પાર્કિન્સનના દર્દીઓ એ ભાગ લેવાના છે. જે એપ્રિલ મહિના દરમિયાન યોજવામાં આવશે.
- દર રવિવારે ચાલતા ફ્રી ગ્રૂપ થેરાપી સેશનમાં પાર્કિન્સનને લગતી માહિતી આપવામાં આવી. LSVT બિગ, એરોબિકની કસરતો, ચેર સૂર્યનમસ્કાર જેવા સત્રો યોજવામાં આવ્યા. જેમાં દર સત્ર દરમિયાન ૩૫ જેટલા સભ્યો ભાગ લે છે.
- દર ગુરુવારે ૫૦ વર્ષથી ઉપરના વરિષ્ઠો માટે ચાલતા હેલ્થી એજિંગ પ્રોગ્રામમાં દર સત્રમાં ૨૫ જેટલા સભ્યો ભાગ લે છે.

# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

✍ જીજ્ઞેશ પારેખ



## પ્લાસ્ટિક સર્જરી કેમ્પ - માર્ચ ૨૦૨૫

તા. ૩ થી ૮ માર્ચ, ૨૦૨૫ના રોજ કોન્જેનિટલ ડિફોરમીટી પ્રોજેક્ટ અન્વયે પ્લાસ્ટિક સર્જરી કેમ્પનું આયોજન **દાતાશ્રી એલ.કે.પી. ફાયનાન્સ લિ. - મુંબઈ**ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૨૭ બાળકોની તપાસ ડૉ. નરેશ વાઘવા - પ્લાસ્ટિક સર્જન દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી ૨ કપાયેલ હોઠના, ૨ તાળવામાં કાણું અને ૩ હાઈપોસ્પેડીયા એમ કુલ ૭ ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાઘવાએ કર્યા હતાં. આ કેમ્પમાં ડૉ. નરેશ વાઘવા - પ્લાસ્ટિક સર્જન, ડૉ. નિરવ ધોળકિયા, ડૉ. મેહુલ મોદી એનેસ્થેટિક તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## Yupaa Fresh Pvt. Ltd., Mumbai Deafness Blindness Prevention Project



સંસ્થા દ્વારા પ્રવીણચંદ દલાલ ડિસેબલ્ડ પ્રિવેન્સન સેન્ટર, વર્ષ ૨૦૨૪-૨૫માં ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે.ના આર્થિક સહયોગથી શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોના આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી, રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ, તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો તેમજ કાનમાં ઈયર ડિસચાર્જ બાળકોને ડૉક્ટર દ્વારા નિદાન કરી, તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવશે.

માર્ચ ૨૦૨૫ દરમિયાન ઉમરાળા, મહુવા જિલ્લાના પ્રાથમિક શાળાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ૧૪૫૪૨ બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું. તેમાંથી આંખની રિફ્રેક્ટિવ એરરવાળા ૫૦૨ બાળકો જોવા મળ્યાં હતાં અને કાનની વિવિધ તકલીફવાળા ૪૭૧ બાળકો જોવા મળ્યાં હતાં. તે પૈકી ૧૯ બાળકોને પીએનઆર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા તે દરેકને ડૉ. અશોક બારૈયા, ઈએનટી સર્જને તપાસી પ્રિસ્ક્રાઈબ કર્યા તે મુજબ દવા આપવામાં આવી હતી. ડૉ. અશોકભાઈ બારૈયા (ઈએનટી સર્જન) દ્વારા Tympanoplasty & Mastoidectomy with Tympanoplastyની ૦૪ સર્જરી સફળતાપૂર્વક કરી આપવામાં આવી છે.

## Lady Egremont Pediatric Ophthalmic Centre

ત્રાંસી આંખનું ઓપરેશન બાળકની અમૂક ઉંમર કે દેખાવાની દ્રષ્ટિ હોય, તે દરમિયાન જો ન કરવામાં આવે તો બાળક ધીરે-ધીરે દેખાવાની દ્રષ્ટિ ગુમાવે છે. ત્રાંસી આંખ ચહેરાની સુંદરતાને મારી નાખે છે. આ બધુંતો ઠીક, પરંતુ જ્યારે નાના બાળકોને ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો, આંખમાં ફુલુ વિગેરે તફલીફ હોય, ત્યારે બાળકને ખુબ જ મુશ્કેલી પડતી હોય છે. આ ઉપરાંત આ ઓપરેશન ખૂબ જ ખર્ચાળ હોય છે, જે સામાન્ય માણસને પરવડે તેમ ન હોય, તેઓ કરાવી શકતા નથી. બધી સમસ્યાનું સમાધાન પી.એન.આર. સોસાયટી તથા દાતાશ્રીઓના સાથ સહકારથી પ્રિવેન્શન પાર્ટનરશિપ પ્રોગ્રામ દ્વારા સારવાર - નિદાન અને ઓપરેશન થાય છે અને તે પણ નિઃશુલ્ક.

Lady Egremont Peadiatric Ophthalmic Centre, PNR Hospitalમાં કેમ્પ તા. ૨૮ ફેબ્રુઆરી અને ૦૧ માર્ચ, ૨૦૨૫ના રોજ ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે.ના આર્થિક સહયોગથી યોજવામાં આવ્યો હતો. આ કેમ્પ દરમિયાન પી.એન.આર. હોસ્પિટલમાં મુંબઈના જાણીતા Peadiatric Ophthalmic Surgeon Dr. Jank Shah (M.B.DO Bom), (DO MS Bom) અને Dr. Preeti Shah આવેલા. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ ૬૩ બાળકોની તપાસ કરવામાં આવી હતી. જે પૈકી ત્રાંસી આંખ ૧, ટૉંસીસ ૨, નિસ્ટેગ્મશ (ઈન્જેક્શન ટ્રાયસેન્સ) ૭, ફંડશ એન્ડ રિફ્રેક્શન ૭ એમ કુલ ૧૭ ઓપરેશન કરવામાં આવ્યાં હતાં. આ કેમ્પમાં ખૂબ જ સારો લોક પ્રતિભાવ મળેલ. આ કેમ્પને સફળ બનાવવામાં ડૉ. જનક શાહ, તેમજ પી.એન.આર. હોસ્પિટલના સ્ટાફ તથા એનેસ્થેટિક ડૉક્ટર્સ તથા પ્રિવેન્શન વિભાગના જીજ્ઞેશ પારેખ કેમ્પને સફળ બનાવવા સારી એવી જહેમત લીધી હતી.

# અંબા સી.પી. હોસ્ટેલ

## માર્ચ-૨૦૨૫



✍ લાલજીભાઈ પંડ્યા

નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવગંત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ.

### ભોજન / મિષ્ટાન

| | |
|---|---|
| - તા. ૧૬-૦૨-૨૫ | શ્રી નિલેશભાઈ પંડ્યા તરફથી |
| - તા. ૧૭-૦૨-૨૫ | શ્રી ધરમભાઈ ઠક્કર તરફથી |
| - તા. ૨૫-૦૨-૨૫ | શ્રી નારૂભાઈ વાઘેલા તરફથી |
| - તા. ૦૮-૦૩-૨૫ | શ્રી તૃપ્તિબેન મહેતા તરફથી |

### નાસ્તો :

| | |
|---|---|
| - તા. ૧૮-૦૨-૨૫ | શ્રી એક શુભેચ્છક તરફથી |
| - તા. ૨૩-૦૨-૨૫ | શ્રી પુષ્પરાજસિંહ ચુડાસમા તરફથી |
| - તા. ૨૭-૦૨-૨૫ | શ્રી એક શુભેચ્છક તરફથી |
| - તા. ૨૮-૦૨-૨૫ | શ્રી મનસ્વીબેન શાહ તરફથી |
| - તા. ૦૧-૦૩-૨૫ | શ્રી લાલાભાઈ પટેલ તરફથી |
| - તા. ૦૨-૦૩-૨૫ | શ્રી જીજ્ઞાસાબેન કામદાર તરફથી |
| - તા. ૦૮-૦૩-૨૫ | શ્રી શૈલેન્દ્રસિંહ ગોહિલ તરફથી |
| - તા. ૦૫-૦૩-૨૫ | શ્રી મહાવીરસિંહ ઝાલા તરફથી |
| - તા. ૦૯-૦૩-૨૫ | શ્રી બી.એડ. કોલેજ ગ્રૂપ તરફથી |



# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
# પ્રાથમિક વિભાગ

✍ ગજાનંદભાઈ ભટ્ટ




## સંસ્થાની શુભેચ્છા મુલાકાત

તા. ૦૮-૦૩-૨૦૨૫ને શનિવારના રોજ ૦૩:૩૦ કલાકે પિડીલાઈટ ઈન્ડસ્ટ્રિઝ પરિવારના શ્રીપૂર્વીબેન તથા શ્રી અપૂર્વભાઈ પારેખ અને હનુમંત હોસ્પિટલના એડમીન શ્રી ચિંતનભાઈ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા.

સંસ્થાના માનદમંત્રી શ્રી અશ્વિનભાઈ પંડ્યાએ સંસ્થાની પ્રવૃત્તિઓની વિશદ્ ઓળખ આપી હતી. ત્યારબાદ શ્રી અનિલકુમાર આર. સિંહે ઓડિયો અને સ્પીચ કલીનીક તથા કોકલીયર ઈમ્પ્લાન્ટ, રિહેબિલિટેશન વિશેની માહિતી આપી હતી. જ્યારે સંસ્થાના ઓફિસ સુપ્રીટેન્ડન્ટ શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ સંસ્થાના વિભાગોની મુલાકાત કરાવી હતી. શ્રીચંદ્રિકાબેન પરમારે વર્ગ વ્યવસ્થા અને બધિર શિક્ષણ અંગેની માહિતી આપી. હતી.

## પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ





તા. ૧૩/૧૪ માર્ચ શાળામાં હોળી-ધૂળેટીની રજાના સંદર્ભે તા. ૧૨-૦૩-૨૦૨૫ના રોજ બાળવર્ગથી ધોરણ-૧ના બાળકોને સાથે લઈ તેમના વર્ગશિક્ષકશ્રીઓ શાળાના મેદાનમાં હોળી ગોઠવી, પ્રગટાવી પ્રત્યક્ષ નિદર્શન આપ્યું હતું. પ્રત્યક્ષ નિદર્શન દ્વારા અપાયેલ સંકલ્પના, શ્રવણમંદ બાળકોને વધુ સચોટ રીતે પ્રાપ્ત થાય છે. જેની માહિતી વર્ગશિક્ષકોએ સુંદર રીતે આપી હતી.


## ચોટીલા મહોત્સવ - ૨૦૨૫માં પ્રસ્તુતિ

ભાવનગરની શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાની દસ શ્રવણમંદ બાળાઓએ તા. ૧૧-૦૩-૨૦૨૫ના રોજ ચોટીલા મુકામે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, સુરેન્દ્રનગર દ્વારા આયોજિત 'ચોટિલા મહોત્સવ'માં માતાજીની સ્તુતિ સુંદર નૃત્ય દ્વારા રજૂ કરી. આપણી કૃતિને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી વધાવી અને પ્રેક્ષકોની પ્રશંસા પ્રાપ્ત કરી હતી. આ તબક્કે નૃત્યકારશ્રી શ્રીમબહેન સવજિયાણીની સેવાને બીરદાવવામાં આવી હતી. પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ ગાયનમાં સહકાર આપ્યો હતો. તેમજ શ્રી કવિતાબેન અને શ્રી કીર્તિદિવસિંહે ઓવરઓલ સંકલનમાં સહકાર આપ્યો હતો.

## વર્કશોપની મુલાકાત

ભાવનગરની જાણીતી માઈક્રોસાઈન કંપનીના માલિક શ્રીનિશિથભાઈ મહેતા તથા તેમના પુત્રવધુ શ્રીમતિ ભાગ્યશ્રીબેન મહેતા હસ્તઉદ્યોગ કલાનો સુંદર વર્કશોપ ચલાવી રહ્યાં છે. તેની મુલાકાતે શાળાના ઉદ્યોગ શિક્ષકો આચાર્યશ્રી, ઓ.એસ. ગયા હતાં. જ્યાં શ્રી ભાગ્યશ્રીબેન શ્રવણમંદ બાળકોને તાલીમ આપી, રોજગાર ઉભો કરી શકાય તે બાબતે ઉત્સાહ દર્શાવ્યો હતો. શાળા તેમની આભારી છે.

## વિજ્ઞાનનગરીની મુલાકાત



ફેબ્રુઆરી માસના અંતિમ સપ્તાહમાં શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ધોરણ-૭ તથા ધોરણ-૮ના કુલ ૫૦ વિદ્યાર્થીઓ તથા તેમના વર્ગશિક્ષકોએ વિજ્ઞાનસપ્તાહની ઉજવણી અંતર્ગત, ભાવનગરમાં આવેલી વિજ્ઞાનનગરીની મુલાકાત લીધેલી. આ તબક્કે વિજ્ઞાનનગરીમાં 'ઈસરો' દ્વારા યોજાયેલ પ્રદર્શન તથા અવકાશીય ઉપગ્રહોના મોડલ, તેમજ માહિતી મેળવીને શાળાના શ્રવણમંદ બાળકોને ખૂબ પ્રોત્સાહન મળેલ. વિજ્ઞાનનગરીના ટ્રસ્ટીશ્રી ચેતનાબહેન કોઠારીએ વિદ્યાર્થીઓને આવકારી, સુંદર માહિતી પૂરી પાડેલ. આ પ્રસંગે સાંસદ શ્રી નિમુબહેન બાંભણિયાની ઉપસ્થિતિ પણ પ્રોત્સાહક નીવડી હતી.

### P.G.V.C.L. દ્વારા શાળાના બાળકોને શ્રવણયંત્ર તથા ઈન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ સ્માર્ટબોર્ડ અર્પણ કરાયા

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા, સી.એસ.આર. પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૧૩.૫૦ લાખના અનુદાન અન્વયે આજરોજ શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટ, ભાવનગરના જરૂરિયાતમંદ ૨૬ વિદ્યાર્થીઓને બહેરાશ અનુરૂપ ૩૦ બિહાઈન્ડ ધી ઈયર શ્રવણયંત્ર વિનામૂલ્યે આપવામાં આવેલ. ઉપરાંત ૬ નંગ ઈન્ટરેક્ટિવ ફ્લેટ પેનલ (સ્માર્ટબોર્ડ) અર્પણ કરવામાં આવ્યાં. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઝોનલ કચેરીના મુખ્ય ઈજનેર શ્રી ડી.વી. લાખાણી સાહેબ, અધિક ઈજનેર શ્રી વાય. આર. જાડેજા સાહેબ તથા અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના મહામંત્રી શ્રી ચેતનસિંહ રાઠોડ અને સંસ્થાના માનદમંત્રી શ્રી ડૉ. અશ્વિનભાઈ પંડ્યા, સહમંત્રી શ્રી અમિતભાઈ શાહ, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. મુખ્ય ઈજનેર શ્રી ડી.વી. લાખાણી સાહેબ તથા અધિક ઈજનેર શ્રી વાય. આર. જાડેજા સાહેબે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ કરી હતી.

# શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા



✍ જ્યોતિબેન ભટ્ટી

### 'હરીદર્શન એક્સ્પોર્ટની મુલાકાત'

શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રીજગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ધો. ૧૨ના ૩૪ વિદ્યાર્થીઓએ તા. ૧૭-૨-૨૦૨૫ના રોજ હરીદર્શન એક્ષ્પોર્ટની મુલાકાત લીધી હતી. તેના સંચાલક શ્રી હિતેશભાઈ, શ્રી ભાવેશભાઈ અને શ્રી નીરવભાઈએ સહુને પ્રેમપૂર્વક આવકાર્યા હતાં.

તેઓએ ધો.૧૨ પૂર્ણ કર્યા પછી આ કંપનીની ઓફિસમાં કામ કરવા માટે આમંત્રણ આપ્યું. તેઓએ હાલમાં કામ કરી રહેલાં કર્મચારીઓ સાથે મુલાકાત કરાવી, ક્યું કામ ? કેવી રીતે કરવાનું છે ? તે સહુએ જોયું, તેમજ હાલના શ્રવણમંદ કર્મચારીઓના અનુભવ જણાવવા કહ્યું. વિદ્યાર્થીઓ આ માહિતી મેળવી ખુશ થયા હતા. તેઓએ ભવિષ્યમાં જરૂર પડે તો હંમેશા મદદરૂપ થવાની બાંહેધારી આપી હતી.

વિશેષ આનંદની વાત એ છે કે હરીદર્શન એક્સપોર્ટમાં નોકરી કરતાં શ્રવણમંદ વિદ્યાર્થીઓ માટે 'શ્રવણમંદ' શબ્દ ન વાપરતા 'ગુણાતીત' શબ્દનો ઉપયોગ કરે છે. કે જે પોતાના ધર્મના આદરણીય પૂજ્ય સંતનું નામ છે. હરીદર્શન એક્સપોર્ટના આદરણીય સંચાલકોનો આ વંદનીય વિચાર છે.

શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવેએ શ્રવણમંદ વિદ્યાર્થીઓ પગભર થાય તે માટે આ મુલાકાતનું આયોજન કરી સહુને પ્રોત્સાહિત કર્યા હતા. સંસ્થાના મંત્રી શ્રી ડૉ. અશ્વિનભાઈ પંડ્યાએ આ મુલાકાતને સરાહનીય ગણાવી, અભિનંદન આપ્યા હતા. સમગ્ર મુલાકાત દરમિયાન શાળાના શિક્ષકો શ્રી જ્યોતિબેન ભટ્ટી તથા શ્રી યોગેશભાઈ ગોસ્વામીએ Sign દ્વારા ઈન્ટરપ્રીટ કરી વિદ્યાર્થીઓને સમજ આપી હતી.

### ધો. ૧૦ અને ધો. ૧૨નો શુભેચ્છા - વિદાય કાર્યક્રમ

સમધારણ વિદ્યાર્થીઓ સાથે માધ્યમિક શાળાના ધો. ૧૦ અને ધો. ૧૨ના શ્રવણમંદ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવા જઈ રહ્યા છે તે ઉપક્રમે તેઓને શુભેચ્છા સાથે વિદાય કાર્યક્રમ તા. ૧૮-૨-૨૦૨૫ના રોજ શાળાના ઓડિટોરિયમ ખાતે મહેમાન શ્રી પરેશભાઈ મહેતા, ટ્રસ્ટી શ્રી દિપકભાઈ ધંધુકિયા, મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડ્યા, શ્રી બિન્દીબેન ત્રિવેદી, પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયા, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે વગેરેની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો.

શ્રી જ્યોતિબેન ભટ્ટીએ ગાયેલ પ્રાર્થના સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ શ્રી ઉજવલાબેન વ્યાસે સહુને આવકાર આપ્યો હતો. બાદમાં વર્ષ દરમિયાનની સમગ્ર પ્રવૃત્તિઓનું

નિદર્શન વિડીયો દ્વારા શ્રી યોગેશભાઈ ગોસ્વામીએ કર્યું હતું. ધો. ૧૦ના વિદ્યાર્થીઓએ મનોરંજન માટે 'માઈમ' રજૂ કરેલ.

દરેક વિદ્યાર્થીઓએ મળીને પોતાની યાદગીરી રૂપે પોતાના વર્ગ માટે સ્વામીશ્રી વિવેકાનંદનો ફોટો ભેટ આપ્યો હતો. સંસ્થા દ્વારા ધો. ૧૦ના ૩૫ વિદ્યાર્થીઓ તેમજ ધો. ૧૨ના ૩૫ વિદ્યાર્થીઓને ટ્રાન્સપેરન્ટ પેડ, પાઉચ, પાણીની બોટલ, બોલપેન, હોલ ટિકિટ માટે ફોલ્ડર, તદ્ઉપરાંત ધો. ૧૨ના વિદ્યાર્થીઓને ફોલ્ડર ફાઈલની શુભેચ્છા ભેટ આપવામાં આવી હતી. મહેમાન શ્રી પરેશભાઈ મહેતા તરફથી પરીક્ષામાં સમય જાણવા માટે અત્યંત ઉપયોગી તેવી ઘડિયાળ ભેટ આપવામાં આવી હતી.

રમત-ગમત ક્ષેત્રે સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓને મેડલ, શિલ્ડ તથા ટ્રેક સુટ અર્પણ કરવામાં આવ્યાં હતાં. વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર હિરલ બારૈયા (ધો.૧૦)ને શ્રી પરેશભાઈ મહેતા તરફથી રૂ. ૨,૦૦૦/- રોકડા ભેટ આપવામાં આવ્યાં હતાં.

શાળાના ધો.૧૦ના વિદ્યાર્થીઓ હિરલ બારૈયા તથા ધો. ૧૨ના વિદ્યાર્થીઓ લક્કડ તનુશ્રી તથા ઘાસકટા જેનિલે પોતાના શાળા દરમિયાનના વર્ષોના સંસ્મરણો વાગોળ્યા હતા સાથે તેઓના સંપૂર્ણ વિકાસમાં ફાળો આપનાર સહુ શિક્ષકો, આચાર્યશ્રી તેમજ ટ્રસ્ટીશ્રીઓનો આભાર માન્યો હતો.

ત્યારબાદ વાલીઓ શ્રી ભારતીબેન આરદેશણા તથા જાની રાજભાઈએ પોતાના બાળકોના સર્વાંગી વિકાસ માટે શિક્ષકોનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો, તેમજ રહેવા, જમવાની સુંદર સુવિધા માટે સંસ્થાની પ્રસંશા કરી હતી.

શાળાના શિક્ષકોએ પણ પોતાના વિદ્યાર્થીઓ સાથેના અનુભવ રજૂ કર્યા હતા. આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સહુ વિદ્યાર્થીઓને સારા ટકા મેળવી પાસ થવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. માનદ્મંત્રી ડૉ. અશ્વિનભાઈ પંડ્યાએ સહુને શુભેચ્છા આપેલ, તેમજ શ્રી પરેશભાઈ મહેતાએ રસપ્રદ વાત દ્વારા, 'મહેનત સાથે સફળતા' મેળવવા માટે સહુને પ્રેરિત કર્યા હતા.

અંતમાં સ્મિતાબા ગોહિલે સહુનો આભાર માન્યો હતો. આચાર્યશ્રી શૈલેષભાઈ દવેના માર્ગદર્શન, તેમજ દરેક શિક્ષકોના સહયોગથી કાર્યક્રમ ખૂબ જ સફળ બન્યો હતો.

## શૈક્ષણિક પ્રવાસ

શાળાના ધો.૯ના ૩૯ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો તા. ૨૦-૨-૨૦૨૫ને ગુરુવારના રોજ એક દિવસના શૈક્ષણિક પ્રવાસમાં સાયન્સ સિટી, અમદાવાદ તેમજ અક્ષરધામ સ્વામિનારાયણ મંદિર, ગાંધીનગર ખાતે ગયા હતા.

વહેલી સવારે ૫:૩૦ વાગે નીકળી મોગલધામ મંદિરે દર્શન કરી સાયન્સ સિટી, અમદાવાદ પહોંચ્યાં હતાં. ત્યાં મનોરંજન સાથે વિજ્ઞાનના જ્ઞાનનો અનુભવ થાય, તેમજ નવું જાણવા અંગે જીજ્ઞાસા ઉભી થાય, તે માટેનો ગુજરાત સરકારનો મહત્વાકાંક્ષી પ્રયાસ છે. વિજ્ઞાનની સંકલ્પનાઓ સહેલાઈથી સમજી શકાય તેનું જીવંત નિદર્શન અહીં કરવામાં આવ્યું છે, જે શ્રવણમંદ બાળકોને ખૂબ જ ઉપયોગી તેમજ રસપ્રદ બન્યું હતું.

ત્યાં હોલ ઓફ સ્પેસ, લાઈફ સાયન્સ પાર્ક, ઈલેક્ટ્રોડોમ, ૩-D આઈમેક્સ થિયેટર, ઊર્જા ઉદ્યાન વગેરે જોયું. થ્રીલ રાઈડ્સનો રોમાંચક અનુભવ કર્યો. Mission to MARS રાઈડમાં મંગળ ગ્રહને નિહાળ્યો હતો. ચંદ્રયાન-૩નું મોડલ જોયું. ઈસરો કેવી રીતે છોડે છે, તેની માહિતી મેળવી. ઉપરાંત એક્વેટીક ગેલેરીમાં વિવિધ ખંડની માછલીઓ તેમજ તેની વિશેષતાઓ વિશે જાણ્યું. રોબોટિક્સ ગેલેરીમાં, રોબોટ્સ રમત-ગમત, તબીબી, કૃષિ ક્ષેત્રમાં કેવી રીતે ઉપયોગી થાય છે, તે જાણી સૌને આનંદ થયો.

ત્યારબાદ બપોરનું ભોજન કરી અક્ષરધામ સ્વામીનારાયણ મંદિર, ગાંધીનગર દર્શન કરી 'ફાઉન્ટેન શો' દરમિયાન નચિકેતાની વાર્તા આહ્લાદક રીતે વર્ણવવામાં આવી હતી, તે જોઈ વિદ્યાર્થીઓ ખૂબ જ ખુશ થયાં હતાં, સાથે કેન્ડીની મોજ પણ માણી હતી. ત્યાંથી નીકળી રાત્રી ભોજન કરી સહુ ભાવનગર પરત આવ્યાં હતાં.

આ પ્રવાસને સફળ બનાવવા માટે વોકેશન ટ્રેનર શ્રી ઉજવલાબેન વ્યાસનો ખૂબ જ સહયોગ રહ્યો હતો. તેમજ શાળાના શિક્ષ-કો શ્રી ભાર્ગવભાઈ અઢિયા, શ્રી જયસુખભાઈ પરમાર, શ્રી જ્યોતિબેન બારૈયા, શ્રી નીતાબેન મેઘનાથી તેમજ ક્લાર્ક શ્રીજીતેશભાઈ ચાવડા સાથે રહ્યાં હતાં. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સંપૂર્ણ પ્રવાસમાં સાથે રહી, ખૂબ જ જહેમત ઉઠાવીને વ્યવસ્થા સંભાળી હતી.

સફળ શૈક્ષણિક પ્રવાસ બદલ માનદ્મંત્રી ડૉ. અશ્વિનભાઈ પંડ્યાએ સહુને અભિનંદન પાઠવ્યાં હતાં.

## વિજ્ઞાનનગરીની મુલાકાત

મોંઘીબેન બાલવિહાર ટ્રસ્ટ સંચાલિત શ્રી બળવંત પારેખ વિજ્ઞાનનગરી, ભાવનગર ખાતે વિજ્ઞાન સપ્તાહ - ૨૦૨૫ની ઉજવણીનું આયોજન તા. ૨૨ થી ૨૮ ફેબ્રુઆરી સુધી કરવામાં આવ્યું હતું, તે અંતર્ગત તા. ૨૭-૦૨-૨૦૨૫ને શુક્રવારના રોજ ધો.૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ તેમજ તેમના વર્ગશિક્ષકોએ વિજ્ઞાનનગરીની મુલાકાત લીધી હતી.

આ પ્રદર્શનમાં ISRO દ્વારા ગ્રહો પર મોકલેલ વિવિધ સેટેલાઈટની ચિત્રાત્મક માહિતી, તેમજ મોડેલ દ્વારા નિદર્શન આપવામાં આવ્યું હતું. સેટેલાઈટ દ્વારા પૃથ્વી પરની વિવિધ ક્ષેત્રોની માહિતી જેવી કે ખનીજ, ખેતી, જંગલો, રસ્તાઓ વગેરે વિશેના ફોટા પણ વિભિન્ન સેટેલાઈટ દ્વારા મોકલવામાં આવે છે, તે અંગેની માહિતી પ્રાપ્ત કરી હતી. પહેલાના સમયમાં સેટેલાઈટ લોન્ચ કરવા માટે બીજા દેશોની મદદ લેવી પડતી તેમાં હવે ISRO ખાતેથી ભારત સ્વતંત્ર રીતે લોન્ચ કરી શકે છે, તે જાણી સૌને આનંદ થયો. વિદ્યાર્થીઓએ જિજ્ઞાસાપૂર્વક પ્રશ્નોતરી કરીને પોતાની જ્ઞાનપૂર્તિ કરી હતી.


સેટેલાઈટ પર લગાવવામાં આવતો એક પેપર કે જે સૂર્યપ્રકાશની ગરમીથી સેટેલાઈટનું રક્ષણ કરે તેવી ખાસ બનાવટ ધરાવે છે, તે અંગેની સમજ આશ્ચર્ય સાથે સ્પર્શ કરી પ્રાપ્ત કરી હતી. ત્યાંના ઓડિટોરિયમમાં એક વિડીયોમાં મંગળ ગ્રહ પરની માહિતી પ્રાપ્ત કરેલ, તેમજ 'SPACE ON WHEEL'માં ચંદ્રયાન, મંગળયાન, આર્યભટ્ટ વગેરે વિશેના મોડેલ જોયા હતાં. તેમજ 'ROCKET LAUNCH'ના મૂળભૂત સિદ્ધાંત આધારિત પ્રયોગના રોમાંચક અનુભવ બાદ વિદ્યાર્થીઓ અને શિક્ષકો શાળાએ પરત ફર્યા હતાં.

આ સમગ્ર કાર્યક્રમ નિદર્શનમાં સાઈન દ્વારા વિદ્યાર્થીઓને સમજ શ્રી જ્યોતિબેન બારૈયા, શ્રી જ્યોતિબેન ભટ્ટી, શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ, શ્રી જયસુખભાઈ પરમારે આપી હતી તેમજ શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ દવે સાથે રહ્યા હતા.

### 'ઘડિયાળની ભેટ'

'સમયને સાચવો, સમય તમને સાચવી લેશે' આ ઉમદા વિચારથી ધો. ૧૦ અને ધો. ૧૨ના કુલ ૭૦ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપવા જઈ રહ્યા છે ત્યારે આપણી સંસ્થામાં જોડાયેલ માનનીય શ્રી પરેશભાઈ મહેતાએ પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓ સમયસર પેપર પૂરું કરે તે માટે, આકર્ષક રીસ્ટ વોચ ભેટ આપી શુભેચ્છા પાઠવી હતી. આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રભાકુંવરબેન રતિલાલ વાઘર
## વિકલાંગ સાધન સહાય કેન્દ્ર



✍ અશ્વિન જી. પંડ્યા (ચેરમેન)

### માહે ફેબ્રુઆરી-૨૦૨૫ની કામગીરી

માહે ફેબ્રુઆરી માસમાં લોકલ લેવલે કુલ ૮૬ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૯૫ જેટલા જુદા જુદા સાધનો જેવા કે

- અડધા પગ - ૦૪
- ઓર્થોશુઝ - ૦૩
- ની બ્રેસ - ૧૭
- હેન્ડ સ્પીલન્ટ - ૦૩
- સ્પાઈનલ ઓર્થોસીસ - ૦૨
- અન્ય - ૪૭
- કેલીપર - ૦૪
- એ.એફ.ઓ - ૧૨
- પ્લાસ્ટિક ઓર્થોસિસ - ૦૩

કુલ - ૯૫

માહે ફેબ્રુઆરી-૨૦૨૫માં કૃત્રિમ હાથ-પગના ૨ કેમ્પ અનુક્રમે જામનગર અને રાયગઢ (છત્તીસગઢ) મુકામે યોજવામાં આવેલ. બંને કેમ્પમાં સંસ્થાના પી.એન્ડ ઓ.ડૉ. રવિ વાટલિયાએ દર્દીઓની તપાસ કરેલ. બંને કેમ્પની માહિતી નીચે મુજબ છે :

એક કેમ્પ શ્રી શરદ શેઠ (રોટરી કોમ્યુનિટી એન્ડ મેડિકલ રિસર્ચ સેન્ટર) દ્વારા જામનગર મુકામે તા. ૬ થી ૯ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૫૩ લાભાર્થીઓ એ લાભ લીધેલ. આ કેમ્પમાં કુલ ૫૩ સાધનો જેવા કે આખા પગ-૧૮, અડધા પગ-૩૭, કેલીપર્સ-૧, અન્ય-૧ બનાવીને ફીટ કરી આપ્યાં હતાં.

બીજો કેમ્પ શ્રી પવન નાલોટિયા (રોટરી કલબ ઓફ રાયગઢ રોયલ) દ્વારા રાયગઢ (છતીસગઢ) મુકામે તા. ૧૯ થી ૨૩ ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૯૪ લાભાર્થીઓએ લાભ લીધેલ. આ કેમ્પમાં કુલ ૯૭ સાધનો જેવા કે આખા પગ-૩૧, અડધા પગ-૬૫, અડધો હાથ - ૧ તેમજ સ્પાઈનલ જેકેટ - ૧ બનાવીને ફીટ કરી આપ્યાં હતાં.

# શ્રી ખી.લ. બહેરાં-મૂંગા શાળા મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોશી

- તા. ૧૭-૨-૨૦૨૫ના રોજ પૂર્વ પ્રિન્સિપાલશ્રી કુસુમબેન મહેતાની પૌત્રી ચી. નિકિતાબેન શાહ તરફથી બાળકોને મિષ્ટાન્ન ભોજન કરાવેલ હતું.
- તા. ૨૬-૨-૨૦૨૫ના રોજ શિવરાત્રી હોવાથી બાળકોને શિવમંદિર દર્શન કરવા લઈ ગયા. બાળકોએ શિવજીના દર્શન કરેલ અને બાળકોને શિવરાત્રીનું મહત્વ સમજાવેલ.
- તા. ૨૭-૨-૨૦૨૫ના રોજ ધો.૧૦ અને ધો.૧૨ના બાળકોને બોર્ડની પરીક્ષા શરૂ થતા બાળકોને સંસ્થાના વડીલો, માનદ્‌મંત્રી અશ્વિનભાઈ પંડ્યા, શ્રી અમીતભાઈ શાહ, શ્રી જીતુભાઈ શાહ, શ્રી મીતાબેન ઓઝા તથા આચાર્યશ્રી શૈલષભાઈ તેમજ છાત્રાલયના ગૃહમાતાઓએ બાળકોને ચોકલેટ, આઈસ્ક્રીમ, પેન વગેરે આપી અને પરીક્ષાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી

શ્રી અશ્વિનભાઈ તથા શ્રી અમીતભાઈએ છાત્રાલયના બાળકોને બેસાડી સમજાવેલ કે પરીક્ષામાં ટેન્શન નહીં લેવાનું, શાંતિથી વિચારીને લખવું તેવી વાતો પણ કરેલ. પરીક્ષાના દિવસોમાં બાળકોને કપાળમાં કુમકુમ તિલક કરીને દહીં-સાકરથી મોં મીઠું કરાવીને ગૃહમાતાઓએ પરીક્ષાની શુભેચ્છાઓ પાઠવેલ.

- તા. ૨-૩-૨૦૨૫ના રોજ શ્રી જસવંતરાય પ્રેમચંદ શાહના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું હતું.
- તા. ૯-૩-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય જગવલ્લભસૂરીશ્વરજી મહારાજના સંયમ જીવનના ૬૪માં વર્ષ મંગલમય પ્રવેશ પ્રસંગે મિષ્ટાન્ન ભોજન કરાવ્યું હતું.



# શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય



- તા. ૧૭-૨-૨૦૨૫ના રોજ પૂર્વ પ્રિન્સિપાલશ્રી કુસુમબેન મહેતાની પૌત્રી ચી. નિકિતાબેન શાહ તરફથી બાળકોને મિષ્ટાન્ન ભોજન કરાવેલ હતું.
- તા. ૨૬-૨-૨૦૨૫ના રોજ શિવરાત્રી હોવાથી બાળકોને શિવમંદિર દર્શન કરવા લઈ ગયા. બાળકોએ શિવજીના દર્શન કરેલ અને બાળકોને શિવરાત્રીનું મહત્વ સમજાવેલ.
- તા. ૨૭-૨-૨૦૨૫ના રોજ ધો.૧૦ અને ધો.૧૨ના બાળકોને બોર્ડની પરીક્ષા શરૂ થતા બાળકોને સંસ્થાના વડીલો, માનદ્‌મંત્રી અશ્વિનભાઈ પંડ્યા, શ્રી અમીતભાઈ શાહ, શ્રી જીતુભાઈ શાહ, શ્રી મીતાબેન ઓઝા તથા આચાર્યશ્રી શૈલષભાઈ તેમજ છાત્રાલયના ગૃહમાતાઓએ બાળકોને ચોકલેટ, આઈસ્ક્રીમ, પેન વગેરે આપી અને પરીક્ષાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી. શ્રી અશ્વિનભાઈ તથા શ્રી અમીતભાઈએ છાત્રાલયના બાળકોને બેસાડી સમજાવેલ કે પરીક્ષામાં ટેન્શન નહીં લેવાનું, શાંતિથી વિચારીને લખવું, તેવી વાતો પણ કરેલ. પરીક્ષાના દિવસોમાં બાળકોને કપાળમાં કુમકુમ તિલક કરીને દહીં-સાકરથી મોં મીઠું કરાવીને ગૃહમાતાઓએ પરીક્ષાની શુભેચ્છાઓ પાઠવેલ.
- તા. ૨-૩-૨૦૨૫ના રોજ શ્રી જસવંતરાય પ્રેમચંદ શાહના જન્મદિવસ નિમિત્તે બાળકોને મિષ્ટાન્ન ભોજન કરાવ્યું હતું.
- તા. ૯-૩-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય જગવલ્લભસૂરીશ્વરજી મહારાજના સંયમ જીવનના ૬૪માં વર્ષ મંગલમય પ્રવેશ પ્રસંગે મિષ્ટાન્ન ભોજન કરાવ્યું હતું.
- ૧૩-૩-૨૦૨૫ને ગુરુવારના રોજ છાત્રાલયના બાળકોને હોળીના દર્શન કરવા લઈ ગયેલ રૂપાણી દીવડી પાસે અને ઘોઘા સર્કલ અખાડામાં અમે બે જગ્યાએ બાળકોએ દર્શનનો લાભ લીધેલ ઘોઘાસર્કલ અખાડામાં બાળકોએ દર્શન કરી, નૃત્ય નિહાળેલ અને ત્યારબાદ લાડુનો પ્રસાદ ગ્રહણ કરેલ અને આનંદ અનુભવેલ.
- તા. ૧૪-૩-૨૦૨૫ને શુક્રવારના રોજ છાત્રાલયના બાળકોએ સી.એમ.પી. છાત્રાલયમાં નીચે મેદાનમાં એક બીજા ઉપર ગુલાલ છાંટી અને ધૂળેટીનો પર્વ મનાવેલ. ત્યારબાદ લાપસી, ઊંધીયું, મેથીના ગોટા, દાળ-ભાત રોટલીનું ભોજન આરોગ્યું હતું.

# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ સંચાલિત શ્રી કે. કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજ

ડૉ. ધવલ વ્યાસ



## 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન'ની ઉજવણી કરતી તાલીમી કોલેજ



'એક મહિલાને સશક્ત બનાવો અને તમે આખા સમુદાયને ઉત્થાન આપો છો' આ કથન છે મહાન શિક્ષણવિદ્ શ્રી સાવિત્રીબાઈ ફુલેનું. આ જ ઉપલક્ષમાં તા. ૨૧-૦૨-૨૦૨૫ના રોજ તાલીમી કોલેજમાં 'આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિન'ની ઉજવણી કંઈક જુદી રીતે જ કરવામાં આવી હતી. આ ઉજવણીમાં કોલેજના D.Ed.Spl.Ed. (HI) & B.Ed.Spl.Ed. (HI)ના તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તાલીમાર્થીઓના ચિત્રકલા કૌશલ્યોને વિકસાવવાના હેતુને ધ્યાને લઈ, તાલીમાર્થીઓએ માતૃભાષાની થીમને કેન્દ્રમાં રાખીને મનગમતાં પોસ્ટરો બનાવવામાં આવ્યાં હતાં. જેમાં તાલીમાર્થીઓએ કોલેજની ફેકલ્ટીઓએ અલગ-અલગ પોસ્ટર બનાવીને તેઓના કૌશલ્યને ખૂબ સુંદર રીતે પ્રસ્તુત કર્યા હતા.

## ગુજરાતના મુખ્યમંત્રી સાથે ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા ૨૦૨૫ અંગે કોલેજ ઓનલાઈન બેઠકમાં ભાગ લીધો



ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનર કાર્યાલય દ્વારા તા. ૨૫-૦૨-૨૦૨૫ના રોજ ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓના તમામ માનનીય કુલપતિઓ, તમામ વિભાગોના વડાઓ, ગુજરાતની વિવિધ કોલેજોના આચાર્યો અને ફેકલ્ટી સભ્યો સાથે એક ઓનલાઈન મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંદર્ભ સદર તાલીમ કોલેજ પણ આ મીટિંગમાં ભાગ લીધો હતો. આ મીટિંગનો હેતુ યુવાનોને ગુજરાતની સંસ્કૃતિ જાણવા, કોલેજના વિદ્યાર્થીઓમાં બોલવાની કુશળતા લાવવા અને ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા ૨૦૨૫માં ભાગ લેવા સક્ષમ બનાવવાનો છે. આ મીટિંગની અધ્યક્ષતા ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કરી હતી. તેમણે કોલેજના તમામ વિદ્યાર્થીઓને આ પહેલમાં મહત્તમ ભાગ લેવા પ્રેરણા આપી હતી.

## B.Ed.Spl.Ed. (HI) સેમેસ્ટર - ૪ના તાલીમાર્થીઓની સ્કૂલ ઈન્ટર્નશીપ



ઈન્ટર્નશીપનો ઉદ્દેશ્ય તાલીમાર્થીઓને પોતાના ક્ષેત્રનું અસરકારક રીતે પ્રાયોગિક કાર્ય શીખવવાનો છે. ઈન્ટર્નશીપનો અનુભવ તાલીમાર્થીઓના આત્મવિશ્વાસ, મૂલ્યો અને વલણમાં વધારો કરે છે. એ ઉદ્દેશ્યને ધ્યાને લઈ અને અભ્યાસક્રમના ભાગરૂપે B.Ed.Spl.Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓને ભાવનગર સ્થિત શ્રી કે.કે. બ્લાઈન્ડ સ્કૂલ અને શ્રી કે.એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલમાં એમ બે ગ્રૂપોમાં તાલીમાર્થીઓને વિભાજિત કરીને તા. ૦૩-૦૩-૨૦૨૫થી તા. ૨૬-૦૩-૨૦૨૫ સુધી બીજા અને અંતિમ તબક્કાની ઈન્ટર્નશિપનું આયોજન કરવામાં આવ્યું હતું.

## B.Ed.Spl.Ed. (HI) સેમેસ્ટર - ૨ના તાલીમાર્થીઓના સમાવેશી શિક્ષણના લેશનોનું આયોજન

શિક્ષક બનતા પહેલા તાલીમાર્થીઓએ કેવી રીતે અધ્યાપન કરાવું ? તે જાણવું ખૂબ જરૂરી છે. આ માટે તાલીમાર્થીઓ તાલીમ મેળવીને યોગ્ય શિક્ષક બને છે. આ ઉદ્દેશ્ય માટે B.Ed.Spl.Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર - ૨ના તાલીમાર્થીઓની તા. ૦૩-૦૩-૨૦૨૫થી તા. ૦૮-૦૩-૨૦૨૫ સુધી ભાવનગરની શ્રી વિશુદ્ધાનંદ પ્રાથમિક શાળા ખાતે સમાવેશી શિક્ષણના લેશનો લેવા અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું.

## D.Ed.Spl.Ed. (HI) સેમેસ્ટર-૨ના તાલીમાર્થીઓના શ્રવણમંદોની શાળામાં લેશનોનું આયોજન

તાલીમાર્થીઓ શ્રવણમંદ બાળકોને શિક્ષણ આપે તે રીતે સક્ષમ બનાવવા હેતુ D.Ed.Spl.Ed. (HI) અભ્યાસક્રમના સેમેસ્ટર - ૨ના તાલીમાર્થીઓના તા. ૫-૦૩-૨૦૨૫થી તા. ૧૨-૦૩-૨૦૨૫ સુધી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રાથમિક શાળા)માં શ્રવણમંદ બાળકોના વર્ગખંડોમાં લેશનો લેવા અંગેનું આયોજન કરવામાં આવ્યું હતું.

## કોલેજમાં 'આતંરરાષ્ટ્રીય મહિલા દિન'ની ઉજવણી

તા. ૦૮-૦૩-૨૦૨૫ના રોજ કોલેજમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં D.Ed.Spl.Ed. (HI) અને B.Ed.Spl.Ed. (HI)ના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. તાલીમાર્થીઓના વિચારશક્તિને ખીલાવવાના ઉદ્દેશ્યથી એ જ દિવસે વિદ્યાર્થીઓને સાત વિષયો આપવામાં આવ્યા હતા અને તેમણે આપેલ વિષયો ઉપર પોતાના મૌલિક વિચારો પ્રસ્તૂત કર્યા હતા. જેમાંથી અમુક વિચારો નીચે મુજબ જણાવેલ છે :

- આ વિશિષ્ટ દિવસ મહિલાઓના સન્માન, તેમનું યોગદાન, તેમના અધિકાર વગેરેનાં ઉજવણીનો દિવસ છે. મહિલા, નારી, સ્ત્રી, શક્તિ વગેરે જેવા નામોથી ઓળખવામાં આવે છે. દુનિયામાં મહિલા માટે કોઈ શ્રેષ્ઠ શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હશે એ છે 'શક્તિ'. કહેવાય છે કે દુનિયાની ઉત્પતિમાં શિવ અને શક્તિ બંનેનું યોગદાન એક સમાન છે. બંને એકબીજા વિના અધૂરા મનાય છે. આ દુનિયા એક શિવસ્વરૂપ છે ત્યાંથી લઈને વર્તમાન સમય સુધી નારીનું યોગદાન રહેલું છે.
  'यत्र नारी पूज्यंते तत्र रमन्ते देवता ।'
  જ્યાં નારીની પૂજા કરવામાં આવે છે ત્યાં દેવતાઓનો વાસ હોય છે.
  - Apexa Karkar, B.Ed.Spl.Ed.(HI)
- 'कभी लक्ष्मीबाई, कभी कल्पना चावला, हर रुप में शक्ति की पहचान है नारी'
- 'हर नारी जग जीत सकती है, अगर नारी ठान ले ।
  मुश्किल को रोक सकती है, अगर नारी मान ले ।'
  - Anju Kumari, D.Ed.Spl.Ed.(HI)
- 'जो हर दर्द को सह जाए फिर भी मुस्कुराना ना भूल पाए ।
  उसे नारी के सम्मान में पूरा आसमान भी झूक जाए ।'
  - Chuki Beniwal, D.Ed.Spl.Ed.(HI)
- 'नारी ही शक्ति है नर की, नारी ही शोभा है घर की'
  - Saniya Rathore, D.Ed.Spl.Ed.(HI)

## એમ.જે. કોલેજ ઓફ કોમર્સના B.Comના વિદ્યાર્થીઓની મુલાકાત



તા. ૧૨-૦૩-૨૦૨૫ના રોજ ભાવનગરની એમ.જે. કોલેજ ઓફ કોમર્સના ૨૫ વિદ્યાર્થીઓની સંસ્થાની મુલાકાત દરમિયાન શ્રી કે.કે. અજમેરા ટીચર્સ ટ્રેનિંગ કોલેજને પણ નિહાળી હતી. કોલેજના એસોસિએટ પ્રોફેસર અને હેડ ડૉ. ધવલ વ્યાસ દ્વારા મુલાકાતીઓને કોલેજમાં ચાલતાં અભ્યાસક્રમો અને પ્રવૃત્તિઓની સંપૂર્ણ માહિતી આપી હતી. તેમણે મુલાકાતે આવેલ વિદ્યાર્થીઓના જાણકારી આધારિત પૂછાયેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ આપેલ હતાં.

## ૨૦૨૪ના સર્વશ્રેષ્ઠ દિવ્યાંગ એવોર્ડ વિજેતા પ્રજ્ઞાચક્ષુ છોન્ઝિન અંગ્મો

પ્રજ્ઞાચક્ષુ પર્વતારોહી મીટ માંડે છે સર્વોચ્ચ શિખર પર મીસ છોનઝીન અગ્મો, ૨૭ વર્ષ કિન્નાનોર જિલ્લાની ચંદીગઢની આદિવાસી મહિલાએ આંખો ગુમાવી, પણ દુસ્તાહસિહતાની દ્રષ્ટિ મેળવી. ખૂબ સશક્ત માણસોને પણ ઈર્ષ્યા થાય એવો સફળતાનો વંટોળ ઊભો કર્યો આ દિકરીએ ૨૮ વર્ષની કુમળીવયે.

**'ઓપરેશન બ્લુ ફ્રિડમ'** અભિયાન જે વિશ્વના ઉચ્ચતમ યુદ્ધમેદાનમાં યોજાયેલ તે સિયાચિન ગ્લેશિયર સર કર્યું. ૨૦૨૧મા મનાલીથી અસહ્ય ઠંડીમાં, ૨૦૧૮માં ખુર્દગ લા (લદાખ)માં ૧૮૦૦૦ ફૂટની ઊંચાઈએ સાઈક્લિંગ કર્યું. નિલગીરીના પહાડોમાં ત્રણ રાજ્યોમાં સાઈકલ ચલાવવાનું અભિયાન પાર પાડ્યું. છેલ્લા જુલાઈમાં પ્રજ્ઞાચક્ષુ અગ્મોએ મનાલીથી હલ્યા સ્થિતી વેલ્ડીમાં સાત દિવસનું સાઈક્લિંગ કર્યું. ''દ્રષ્ટિહિનતા મારા માટે નબળાઈ નથી શક્તિ છે અને મારું મોટું સ્વપ્ન હજુ ક્ષિતીજમાં છે, જેમાં કોઈ ન પહોંચ્યું હોય તેવા પહાડો સર કરવાનો. મારી વાર્તાનો હજુ અંત નથી હજુ તો શરૂઆત જ છે.'' મીરાન્ડા હાઉસ, દિલ્હી યુનિવર્સિટીમાં માસ્ટર્સ ડિગ્રી મેળવ્યા પછી તે બેન્ક ઓફ ઈન્ડિયામાં સેવારત છે.

નેશનલ લેવલની જૂડો ચેમ્પિયનશિપમાં ભાગ લઈ કાંસ્યપદક તથા સ્ટેટ લેવલની તરણ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો.

૧૦ કિ.મી.ની ત્રણ વાર દિલ્હી મેરેથોનમાં અને પિન્ક મેરેથોનમાં ભાગ લીધો. નેશનલ ઝોનલ લેવલ ફૂટબોલ ચેમ્પિયનશિપમાં પણ ભાગ લીધો.

બાળપણથી પર્વતારોહણ કરવાનું સ્વપ્ન આર્થિક કારણોસર સાકાર ન કરી શકવામાં દુઃખને, હવે આર્થિક સાનૂકુળતા થતા જ બાકી રહેલા પર્વતોનું અભિયાન શરૂ કરવાની આશા છે.

### ભાવનગર નવજવાન સંઘ સંચાલિત,

# શેઠશ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ

## શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિક્લિનીક

✍ સૂર્યકાંત ચાવડા



**ફેબ્રુઆરી-૨૫ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients | DEPARTMENT | No.Of Patients |
|---|---|---|---|
| EYE DEPARTMENT | | PSYCHIATRIC (M.D.) | 37 |
| OPD | 282 | ORTHOPEDIC DEPARTMENT | 29 |
| Cataract Surgeries - Free | 17 | CHEST PHYSICIAN | 5 |
| Cataract Surgeries - Paid | 16 | PHYSIOTHERAPY | 13 |
| EYE Retina | 21 | GENERAL OPD | 125 |
| ENT DEPARTMENT | | PSYCHIA TRIC | 16 |
| OPD | 310 | PEDIATRIC | 43 |
| OPERATION - PAID | 2 | SKIN DEPARTMENT | 141 |
| MINOR PROCEDURE | 43 | X-RAY DEPARTMENT | 0 |
| DENTAL DEPARTMENT | | LABORATORY PATIENT | 109 |
| OPD | 131 | LABORATORY TEST | 200 |
| PROCEDURE | 140 | SONOGRAPHY | 13 |
| MATERNITY | | CAMP | 2 |
| OPD | 11 | PATIENT | 74 |
| DELIVERY | 0 | SHAMJI MAVJI RELIEF | 8 |
| OPERATION | 0 | | |

## મોતિયોના વિનામૂલ્યે ઓપરેશન માટે નિઃશુલ્ક તપાસ નિદાન કેમ્પ યોજાયો




ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી સી લોઢાવાળા હોસ્પિટલ, શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિકલીનીક ભાવનગર અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા એક નેત્રયજ્ઞનું આયોજન તા.૧૬/૦૨/૨૦૨૫ ને રવિવારે સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ રેડક્રોસ ભવન દીવાનપરા રોડ, ભાવનગર ખાતે યોજાયો હતો , જેમાં ડો.ધ્રુવિલભાઈ નાયક દ્વારા ૪૦ દર્દી ઓને વિનામૂલ્યે આંખની તપાસ કરી આપી હતી, તથાં મોતિયાના ઓપરેશન જરૂરતવાળા ૬ દર્દીઓને જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી ભાવનગર તેમજ શ્રી ધનવંતભાઈ અજમેરાના સહયોગથી લોઢાવાળા હોસ્પિટલ, પથિકાશ્રમ પાસે ગંગાજળિયા તળાવ, ભાવનગર ખાતે અદ્યતન ફેકો મશીન દ્વારા ટાંકા વગરના મોતિયાના ઓપરેશન કરી નેત્રમણી મૂકી આપવા તારીખ આપી હતી. તથા અન્ય દર્દીઓને ચશ્માના નંબર તથા આંખના ટીપાં દ્વારા સારવાર આપી હતી.

આ કાર્યક્રમમાં લોઢાવાળા હોસ્પિટલ સ્ટાફ તથાં રેડક્રોસના સ્ટાફ દ્વારા કેમ્પ નું આયોજન કરી સુંદર સુચારુ વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. આ કેમ્પમાં શેઠ શ્રી વી સી લોઢાવાળા હોસ્પિટલનાં પ્રોજેક્ટ કો.ઓડિનેટર સુરેશભાઇ પારેખ તથા રેડક્રોસ સોસાયટીના પ્રમુખ શ્રી



મિલનભાઈ દવે, ઉપપ્રમુખ શ્રી સુમિતભાઈ ઠક્કર ઉપસ્થિત રહી પ્રોત્સાહક હાજરી આપી હતી. ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠ શ્રી વી સી લોઢાવાળા હોસ્પિટલ શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિકલીનીક ભાવનગર અને શિશુવિહાર સંસ્થાના પ્રાંગણમા તારીખ ૨૮/૦૨/૨૦૨૫ નાં રોજ નેત્રયજ્ઞ યોજવામાં આવેલ હતો. આ કેમ્પમાં આંખને લગતી તકલીફ વાળા દર્દીઓને ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલના સહયોગથી ૩૪ દર્દીઓની આંખ તપાસ ડૉ શ્રી. ધ્રુવીલભાઈ તથા ડૉ.શ્રી હર્ષાબહેન ની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામ ને શિશુવિહાર પરિસરમાં ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો બાદ જરૂરિયાતમંદ ૧૫ દર્દીઓને કેટ્રેક સર્જરી માટે લોઢાવાળા હૉસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવેલ હતાં. દર્દી દેવોભવની ભાવનાથી ચાલતા આ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં લોઢાવાળા હોસ્પિટલ સ્ટાફ તથાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

આ કેમ્પમા શિશુવિહાર સંસ્થાના શ્રી નાનકભાઇ ભટ્ટ તથા અન્ય મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહયાં હતાં.

# ‘અંકુર’ મંદબુદ્ધિવાળા બાળકોની શાળા



✍ નેહલ ગઢવી

## સ્પેશિયલ ખેલ-મહાકુંભમાં અંકુરના મંદબુદ્ધિ બાળકોની વિશિષ્ટ સિદ્ધિ

તા. ૬/૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન સિદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે, જિલ્લા રમત-ગમત વિભાગ દ્વારા સ્પેશિયલ ખેલ-મહાકુંભ યોજાયેલ જેમાં શાળાના બાળકોએ વિવિધ એથ્લેટિક્સ તથા ટીમ ગેઈમમાં ભાગ લઈ સુંદર પરફોર્મન્સ કરી ૨૭ ગોલ્ડ, ૩૫ સિલ્વર, ૩૪ બ્રોન્ઝ કુલ ૯૬ મેડલ તથા રૂ. ૨,૨૬,૦૦૦/-નું રોકડ પુરસ્કાર મેળવી, જિલ્લા કક્ષાએ અંકુર શાળાનું નામ રોશન કર્યું હતું. તેમજ ગોલ્ડ મેડલ મેળવેલ બાળકો આગામી તા. ૨૭ થી ૩૦ માર્ચ, ૨૦૨૫ દરમિયાન હિંમતનગર ખાતે રાજ્ય કક્ષાએ રમવા માટે જશે. શાળા પરિવાર દ્વારા દરેક બાળકોને અભિનંદન પાઠવવામાં આવ્યાં હતાં.

શાળાના આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન અને સંકલન હેઠળ શાળાના સ્પોર્ટ્સ શિક્ષક શ્રી આસીફખાન પઠાણ તથા શ્રી ફાતેમાબેન તથા શ્રી જયપાલસિંહ તથા શિક્ષકો દ્વારા બાળકોને સતત માર્ગદર્શન અને સખત પ્રેક્ટિસ કરાવવામાં આવી હતી.

## મંદબુદ્ધિ બાળકોએ નિહાળ્યું સ્ટેચ્યૂ ઓફ યુનિટી

તા. ૧૭/૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન શાળાના બાળકો માટે નર્મદા, સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે, બે દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ બે દિવસીય પ્રવાસમાં બાળકો વિશ્વની સૌથી ઊંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા નિહાળી અભિભુત થયાં હતાં, સાથોસાથ સફારી પાર્ક, ગ્લોગાર્ડન, તેમજ નર્મદાના નીરમાં ક્રુઝની આહલાદાયક સફર કરી બાળકો અતિ આનંદિત થયાં હતાં. શાળાના શિક્ષકો દ્વારા બાળકોને વિવિધ સ્થળોની જ્ઞાનસભર માહિતી



પૂરી પાડવામાં આવી હતી. શાળાના શિક્ષકશ્રી નેહલબેન ગઢવીના પ્રયત્નો થકી મળેલ દાતાઓના સહયોગથી પ્રવાસ સુંદર રીતે સંપન્ન થયેલ. પ્રવાસનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી અને સમગ્ર સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં શાળાના ૧૭૦ બાળકો તથા સ્ટાફ જોડાયેલ.

## રંગોત્સવ પર્વની ઉજવણી

લાયન્સ કલબ ઓફ ભાવનગર વેસ્ટના સભ્યો દ્વારા તા. ૧૧-૦૩-૨૦૨૫ના રોજ અંકુર શાળા ખાતે મંદબુદ્ધિ બાળકો સાથે હર્ષોલ્લાસ ભર્યા વાતાવરણમાં ધૂળેટી પર્વની રંગીન અને શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. તેમજ દરેક બાળકોને ગિફ્ટ તથા કોલ્ડ્રિંક્સ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાયન્સ કલબ ઓફ ભાવનગર વેસ્ટના હોદ્દેદારો તથા શાળાના માનદ્ મંત્રીશ્રી અલ્પેશભાઈ કે. શેઠ, શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ ઉપસ્થિત રહેલ. આચાર્ય શ્રી મેઘજીભાઈ સાયબાણીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# લાઈબ્રેરી યુવક સંમેલન, મુંબઈ

✍ છાયા જોશી



### આ મહિનામાં લાઈબ્રેરીમાં થયેલ એક્ટિવિટી...

### કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલ

- ૩૦ સ્પેલિંગ એક્ટિવિટી
- ૬૦ મેથ્સ એક્ટિવિટી
- ૧૦ કલરિંગ એક્ટિવિટી

### સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ, ઓટિઝમ

- ૧૨ સ્પેલિંગ એક્ટિવિટી
- ૨૦ મેથ્સ એક્ટિવિટી
- ૧૦ કલરિંગ એક્ટિવિટી
- ૧૦ સરખામણી કરો

### માર્ચ મહિના દરમિયાન લાઈબ્રેરીમાં નવી ૧૦ પઝલ્સ ખરીદવામાં આવી

1. 2 Piece Transport Puzzles, 2. ગુજરાતી ટ્રેસીંગ બોર્ડ, કક્કો, સ્વર, વ્યંજન, ગુજરાતી એકડા, +, –, ÷, ×, 3. ગુજરાતી બારાક્ષરી (ફ્લેશ કાર્ડ), 4. ગુજરાતી કક્કો (ફ્લેશ કાર્ડ), 5. 2 પીસ ફાર્મ એનિમલ પઝલ, 6. 2 પીસ દરિયાઈ જીવ (એકવા) પઝલ, 7. 2 પીસ કાઉન્ટીંગ પઝલ, 8. 2 પીસ એનીમલ ફ્રેન્ડ પઝલ, 9. 2 પીસ જંગલ એનીમલ પઝલ, 10. ગુજરાતી કક્કો ટ્રેસિંગ બોર્ડ

### ૧૩ D.Ed. Special Eduના ૧૩ પુસ્તકો ખરીદવામાં આવ્યા

1. Characteristic of Children with Developement Disabilities, 2. Therapeutics, 3. Inclusive Education, 4. Management of Groups with High Support needs, 5. Teaching approaches and strategies, 6. Education in Emerging Indian Society and School Administration, 7. Methods of Teaching in elementry School, 8. Introduction to disabilities, 9. Assessment of children with development disabilities, 10. Child Development and Learning, 11. Family and Community, 12. Curriculum development, 13. Behavior Solution for the inclusive class room.

## 1 થી 31 માર્ચ સુધીના દાતાઓની યાદી

### PNR SHAH SOCIETY (80-G) Dt. 1-03-25 to 31-03-2025

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Kumudben Manilal Shah - Mumbai | 20,000 |
| Shri Hetal Bakulesh Shah - Mumbai | 5,000 |
| Shri Harsha Sheth - Mumbai | 5,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Halston Global - Mumbai | 50,000 |
| Shri Rekhaben Parekh - Mumbai | 5,000 |
| Shri Parmarth Foundation - Bhavnagar | 1,00,000 |
| Dr. Ashok Ghanshyambhai Dalal - Mumbai | 11,000 |
| Shri Shreyas Pracharak Sabha - Mumbai | 1,00,000 |
| Shri Satish K. Mehta - Mumbai | 2,00,000 |
| Shri Varsha Hemant Desai - Mumbai | 20,000 |
| Shri Kirti Anantrai Bhuta - Mumbai | 25,000 |
| M/S. Gujarat Varnish Mfg Co. - Ahmedabad | 51,000 |
| Shri Hetal Bakulesh Shah - Mumbai | 7,000 |
| Shri Harsha Sheth - Mumbai | 7,000 |
| Shri Vasantrai M. Gandhi - Mumbai | 4,50,000 |
| Shri Nilesh Mahendra Kapadia - Mumbai | 50,000 |
| Shri National Association For The Blind - Bhavnagar | 2,50,000 |
| Shri Mallika S. Mehta - Mumbai | 2,00,000 |
| Shri Dinesh Amratlal Doshi - Mumbai | 50,000 |
| Shri Sanjaybhai Babubhai Hirani - Bhavnagar | 5,000 |
| Shri Bindesh Madhusudan Thakkar - Mumbai | 5,00,000 |
| Shri Rishi Kapoor Foundation - Mumbai | 1,10,0000 |
| Shri Navnitlal Shantilal Mehta Huf - Mumbai | 54,000 |
| Shri Rosy Blue Securities Pvt. Ltd. - Mumbai | 2,70,0000 |
| Shri Nilesh Jaswantlal Shah - Mumbai | 3,00,000 |
| Shri Bhikha Vallabh Charity Trust-Mumbai | 3,000 |
| Shri Bhanumatiben Chimanlal Shah-Bhavnagar | 25,000 |
| Shri Manahar K. Rajani - Bhavnagar | 2,000 |
| Shri Sunitaben A.Marfatia - Mumbai | 25,000 |

### CSR

| Donor Name | Amount (£) | Rs. |
|---|---|---|
| Impact Foundation, U.K. (Screening, Eye Operation & Congenital Operation) | £36,268 | 38,98,810 |
| Nileshbhai Mehta, Manchester (Child ENT Operation) | £4,075 | 4,38,063 |

- Arihant Charitable Trust, Manchester (Palitana Resource Center, Repair & Renovation) £8,000 8,60,000
- Impact Foundation, U.K. (Pediatric ENT Surgery) £3,938 4,23,281

TOTAL £ 52,281 56,20,154

FCRA

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Diamines And Chemicals Ltd.-Vadodara | 3,00,000 |
| Shri Prabha Deorah Public Charitable Trust - Mumbai | 2,00,000 |
| M/S. LKP Finance Limited - Mumbai | 10,00,000 |
| Shri Diamines And Chemicals Ltd. - Vadodara | 1,14,300 |
| Shri James Walker Inmarco Industries Pvt.Ltd - Mumbai | 5,00,000 |
| Shri Manika Plastech Ltd. - Mumbai | 15,70,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri S And S Export - Mumbai | 7,000 |
| Shri Upendra Kumar Harilal Jani-Bhavnagar | 11,000 |
| Shri Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| Shri Kumar Shah - Mumbai | 15,000 |
| Shri Minaben Jiteshbhai Shah - Mumbai | 20,000 |
| Shri Jay Radheshdas Italiya - Bhavnagar | 7,370 |
| Late Charuben Hareshbiai Kukadiya-Bhavnagar | 15,000 |
| Shri Microsign Products - Bhavnagar | 21,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Late Rameshchandra Nandlal Mehta-Bhavnagar | 9,500 |
| Shri Dudhiben Devchand Mehta Charitable Trust - Mumbai | 10,000 |
| Late Devendrabhai Vadilal Shah - Bhavnagar | 8,500 |
| Shri Kritin Jyotidra Kamdar - Bhavnagar | 6,000 |
| Shri Dhirajlal Vrajlal Chudasama-Bhavnagar | 10,000 |
| Shri Vile Parle Vardhman Stha Jain Shravak Sangh - Mumbai | 25,000 |
| Shri Jay Adinath Bhakti Group - Bhavnagar | 6,000 |
| Shri Mansukhlal Jagjivanbhai Pandya-Bhavnagar | 1,11,111 |
| Shri Mukesh Keshavlal Shah - Mumbai | 15,000 |
| Late Kiritkumar Amrutlal Shah - Mumbai | 11,000 |
| Late Bhavnaben Raval - Bhavnagar | 12,000 |
| Late Rameshbhai Bachubhai Rathod-Bhavnagar | 6,000 |
| Shri Sowbhagyachand Chatrabhuj Salot Parivar Cha.Trust - Karnataka | 21,000 |
| Shri Ashokbhai Shantilal Shah - Bhavnagar | 7,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Smt. P.N.R. Society For Relief & Rehab of the Disabled - Bhavnagar | 2,25,452 |
| Rehan Jewels - Bhavnagar | 2,20,000 |
| Shri Prabhavatiben Mansukhlal Rajyaguru - Talaja | 1,11,111 |
| Shri Ambarish Prataprai Karvat - Mumbai | 1,10,000 |
| Shri Prakash Kantilal Parekh - Bhavnagar | 1,00,001 |
| Shri Jade Blue Lifestyle India Limited - Ahmedabad | 5,00,00 |
| Shri Ambarish Ratilal Sodha - Mumbai | 32,000 |
| Shri Daxaben Pandya - Bhavnagar | 25,000 |
| Shri Narendra M. Patel - Mumbai | 25,000 |
| M/S. Tashkent Oil Company Pvt. Ltd.-Vadodara | 25,000 |
| Well Wisher - Bhavnagar | 19,503 |
| Shri Hansaben Rasiklal Solanki - U.K. | 11,350 |
| Shri Arun Odhavji Mehta - Mumbai | 11,000 |
| Shri Bhavnaben Manubhai Bhatt-Bhavnagar | 11,000 |
| Shri Pradyuman Jatashankar Trivedi - Gandhinagar | 11,000 |
| M/S. SOL Mobile Pvt. Ltd. - Mumbai | 11,000 |
| Shri Vishal Jagdishbhai Doshi - Bhavnagar | 11,000 |
| Shri Dravida Upadhyay Shri Uddhavlalji Memorial Trust - Vadodara | 10,000 |
| M/S. Hi-Tech Family Enrichment Foundation-Ahmedabad | 10,000 |
| Shri Kiran Patani - Mumbai | 10,000 |
| Shri Nehalben R. Gadhavi - Bhavnagar | 10,000 |
| Shri Apurvabhai Arvindbhai Parekh-Bhavnagar | 5,000 |
| Shri Arvind C. Mehta - Jamnagar | 5,000 |
| Shri Bhagyesh Vyas - Ahmedabad | 5,000 |
| Shri Sarvaiya Aniruddhsinh Dilubha-Bhavnagar | 5,000 |
| D. L. Sachdev Charitable Trust - Hyderabad | 2,500 |
| Shri Dushyant Zala - Vadodara | 2,000 |
| Shri Narendra Vyas - Thane | 1,500 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 1,111 |
| Arham Yuvti Mandal Bhaktibaug - Bhavnagar | 1,001 |

## BHAVNAGAR NAVJAWAN SANGH V. C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| Doner Name | Amount (Rs) |
|---|---|
| Shri Chimanlal Prabhudas Hakani Charitable Trust - Mumbai | 25,000 |
| M/S. D.M. Enterprises - Palghar | 11,000 |

# PNR તસ્વીર સમાચાર



દિવ્યાંગ બાળકોના જન્મદિવસની સામૂહિક ઉજવણી...





શ્રી બાબાભાઈને જન્મદિવસની શુભેચ્છા...

## હોળી-ધૂળેટી પર્વની ઉજવણી...



પાલિતાણા રિસોર્સ સેન્ટરમાં



મહુવા રિસોર્સ સેન્ટરમાં



તળાજા રિસોર્સ સેન્ટરમાં



'અંકુર' શાળામાં

Koshish Thi kamyabi | RNI No. GujGuj/2013/48176 | Postel Reg. No. L2/36/RNP/BVR-414/2025-27 | Monthly Date Of Publication : 15 April 2025 | Posted at 20th of every month at BHAV.RMS | Subscription Rs. 150 Per Year (12 Issue) | Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001. Tel. : 91 - 22 - 22614505 / 06 / 07
E-mail : feedback@hindustanpencils.com